| | | | | |
|---|---|---|---|---|
| GJAN010033672025 | રજુ તારીખ | | ૦૬/૦૯/૨૦૨૫ | |
| | નોધ્યા તારીખ | | ૦૬/૦૯/૨૦૨૫ | |
| | ફેસલ તારીખ | | ૧૪/૦૮/૨૦૨૬ | |
| | સમયગાળો | વર્ષ | મહીના | દિવસ |
| | | ૦૦ | ૧૧ | ૦૮ |

सत्यमेव जयते

**<u>મહે. સ્પેશ્યલ જજ (પોકસો) અને એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. આણંદ</u>**

**સ્પે.પોકસો કેસ નંબર :– ૫૨ /૨૦૨૫**
**આંક–૬૨**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** કૌશીકભાઇ જયંતીભાઇ સોલંકી,
ઉ.વ. ૨૬,
રહે. ઉનેલી ભાથીજી મંદીર પાસે, તા.બોરસદ, જી. આણંદ

**ગુન્હો :–** બી.એન.એસ. કલમ –૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ– ૬ , ૧૨ મુજબ.

---

ફરિયાદ પક્ષ તરફથી સ્પે. પી.પી.શ્રી જે.એચ.રાઠોડ
આરોપી પક્ષ તરફે ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ .યુ.દીવાન

---

**-:: ઠરાવ ::-**

**(૧)** આ કામના આરોપી વિરુધ્ધ વિરસદ પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૯૨૫૦૧૯૯/૨૦૨૫ થી ભારતીય ન્યાયીક સંહિતાની કલમ-૧૩૭ (૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ -૨૦૧૨ ની કલમ- ૬ , ૧૨ મુજબનો ગુન્હો નોધાયેલો છે.

**(૨)** નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત લક્ષમાં રાખી તેમજ સદરહુ કાયદાની જોગવાઈ અનુસાર આ ચુકાદામાં ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેમના નામની જગ્યાએ "ભોગ બનનાર" તરીકે હવે પછીથી ઉલ્લેખ કરેલ છે.

**(૩)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ફરિયાદીશ્રી ની સગીર વયની દીકરી ઉ.વ.૧૭ વર્ષ ૩ માસ (જન્મ તા.૦૩/૦૪/૨૦૦૮) નાનીને જેને સારા નરસાનુ ભાન ન હોય તેણીને લગ્ન કરવાની લાલચ આપી પટાવી ફોસલાવી પ્રેમ સંબંધ બાંધી તા.૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૨૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન મોજે. ઉનેલી, તા.બોરસદ, જી.આણંદ મુકામેથી લગ્ન કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી મોટર સાઇકલ રજી. નં. જી.જે.ઈ.ઈ.પ૪૯૨ માં અપહરણ કરી લઈ જઈ તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૨૧:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન અલગ અલગ જગ્યાએ રાખી અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી બી.એન.એસ. કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ-૨૦૧૨ ની કલમ- ૬ , ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

(૪) તપાસ કરનાર અધિકારીએ ગુન્હાની તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતાં અટક કરીને સમયમર્યાદામાં પોકસો કોર્ટ, આણંદ સમક્ષ રજુ કરેલ છે. ત્યારબાદ ગુન્હાની તપાસ પુરી થતાં હાલના આરોપી વિરુધ્ધ સ્પે. પોક્સો કોર્ટ, આણંદ ખાતે ચાર્જશીટ રજુ થયેલ છે. સદર ચાર્જશીટને પોકસો કેસ નં.૫૨/૨૦૨૫ તા. ૦૬/૦૯/૨૦૨૫ થી સેશન્સ કોર્ટ આણંદમાં નોધવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ અત્રેની સ્પેશ્યલ પોકસો કોર્ટમાં રજુ થતાં આરોપી વિરુધ્ધ હાલનો કેસ આ કોર્ટમાં ઉપસ્થીત થયેલો છે ત્યાર બાદ ઈન્સાફી કાર્યવાહી શરુ કરવામાં આવેલ.

(૫) ત્યારબાદ આ કોર્ટ દ્વારા હાલના આરોપીને ચાર્જશીટના કેસ પેપર્સની વિના મુલ્યે નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ, હાલના આરોપી સામેના ગુનાના આક્ષેપો અંગે બન્ને પક્ષને સાંભળ્યા બાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૪૯, ૨૫૦ અને ૨૫૧ ની જોગવાઈઓને આધીન આ કામના આરોપી સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પ્રથમ દર્શનિય રીતે પુરતો કેસ જણાતા, સદર ગુના સબંધે તા. ૩૦/૧૦/૨૦૨૫ ના રોજ આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી સમજાવી તહોમતનામા સબંધે આંક–૦૬ થી હાલના આરોપીનુ નિવેદન (પ્લી) લેતા આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવેલ અને તેથી હાલના આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલત દ્વારા આગળ ચલાવવામાં આવેલ.

(૬) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૩ વંચાણે લઈ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૪ મુજબ ફરિયાદ પક્ષ દ્વારા પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

–: **<u>મૌખિત પુરાવાઓ</u>** :–

| અ.નં. | સાહેદનુ નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ જયકૃષ્ણ બળવંતરાય ભટ્ટની જુબાની | ૦૭ |
| ૨ | ડોકટર ઈશાબેન નિમેશકુમાર માલીની જુબાની | ૧૨ |

| | | |
|---|---|---|
| ૩ | ડોકટર વ્યાપ્તી કશ્યપભાઈ પૂંજારાની જુબાની | ૧૯ |
| ૪ | સાહેદ રવિન્દ્રસિંહ જશવંતસિંહ પરમારની જુબાની | ૨૫ |
| ૫ | પંચ સાહેદ સ્મિતલબેન પરેશભાઈ ક્રિસ્તીની જુબાની | ૨૯ |
| ૬ | પંચ સાહેદ શંકરભાઈ ભયજીભાઈ ચૌહાણની જુબાની | ૩૬ |
| ૭ | પંચ સાહેદ દિનેશભાઈ ડાહ્યાભાઈ સોલંકીની જુબાની | ૩૮ |
| ૮ | ફરિયાદી/ ભોગ બનનારના માતાની જુબાની | ૪૧ |
| ૯ | ભોગ બનનારની જુબાની | ૪૩ |
| ૧૦ | તપાસ કરનાર અધિકારી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવાની જુબાની | ૪૫ |

## -: <u>દસ્તાવેજી પુરાવાઓ</u> :-

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૦૮, ૦૯ |
| ૨ | સરકારી પંચોની ફાળવણી બાબતનો એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ ને કરેલ ફોરવર્ડીગ પત્ર | ૧૦ |
| ૩ | ભોગ બનનારનનુ મેડીકલ ચકાસણી સર્ટી બાબતની યાદી | ૧૩ |
| ૪ | એફ.એસ.એલ. ની ફોરવર્ડીગ કોપી | ૧૪ |
| ૫ | ભોગ બનનારનું પ્રાથમીક આરોગ્ય કેન્દ્રનુ મેડીકલ સર્ટીફીકેટ | ૧૫ |
| ૬ | આરોપીનુ મેડીકલ તપાસણી કરવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝારોલામાં કરેલ યાદી | ૧૬ |
| ૭ | એફ.એસ.એલ. ની ફોરવર્ડીગ કોપી | ૧૭ |
| ૮ | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ | ૧૮ |
| ૯ | ભોગ બનનારની રીફર મેમા આધારે મેડીકલ ચકાસણી કરી સર્ટી આપવા બાબતની યાદી | ૨૦ |
| ૧૦ | કેસ પેપર | ૨૧ |
| ૧૧ | એફ.એસ.એલ. ની ફોરવર્ડીગ કોપી | ૨૨ |

| | | |
|---|---|---|
| ૧૨ | ભોગ બનનારની શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં મેડીકલ સારવારનુ સર્ટીફીકેટ | ૨૩ |
| ૧૩ | આઈડેન્ટીફીકેશન ફોર્મ | ૨૪ |
| ૧૪ | ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર મેળવવાની યાદી | ૨૬ |
| ૧૫ | રજીસ્ટરનો ઉતારો | ૨૭ |
| ૧૬ | ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર | ૨૮ |
| ૧૭ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૩૦ |
| ૧૮ | આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૩૧ |
| ૧૯ | મુદ્દામાલની પંચ સ્લીપો | ૩૨ થી ૩૫ |
| ૨૦ | મોટર સાઈકલનુ પંચનામુ | ૩૭ |
| ૨૧ | ફરિયાદ | ૪૨ |
| ૨૨ | બી.એન.એસ.એસ. ૧૮૩ મુજબનુ નિવેદન | ૪૪ |
| ૨૩ | સરકારી પંચોની ફાળવણી માટેની યાદી | ૪૬, ૪૭ |
| ૨૪ | હેઝવેલ્યુ તથા ૬૩(૪)(સી) નુ સર્ટીફીકેટ | ૪૮ થી ૫૧ |
| ૨૫ | આરોપીનુ શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં કરેલ યાદી | પર |
| ૨૬ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૫૩ |
| ૨૭ | મેસેજ ફોર્મ | ૫૪ |
| ૨૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૫૫ |
| ૨૯ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૫૬, ૫૭ |
| ૩૦ | ભોગ બનનારનુ ૧૮૩ મુજબનુ નિવેદન મેળવવા માટે જ્યુ. મેજીસ્ટ્રેટ સાહેબને લખેલ ફોરવર્ડીંગ પત્ર | ૫૮ |
| ૩૧ | સૂચિપત્ર | ૫૯ |
| ૩૨ | સ્ટેશન ડાયરી | ૬૦ |

(૭) ફરિયાદ પક્ષ તર્ફે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા આ કામે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા અંગે પુરસીસ આંક-૬૧ થી રજુ કરેલ છે.

(૮) ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપી વિરુધ્ધ સંજોગો અંગે આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓ એ ફરિયાદ પક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ જણાવેલ કે, ''અમો નિર્દોષ વ્યકિત છીએ. આવો કોઈ બનાવ બનેલ નથી. અમારી વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરેલ છે. અમારી વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

(૯) ઉપરોક્ત મુજબના ફરિયાદ પક્ષના પુરાવાઓ તેમજ ઉભય પક્ષકારોની રજુઆત ધ્યાને રાખી આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

**મુદ્દા નં.૦૧.** શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયના હતા?

**મુદ્દા નં. ૦૨.** શું ફરિયાદ પક્ષ એ હકિકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદીશ્રીની સગીર વયની દીકરી ઉ.વ.૧૭ વર્ષ ૩ માસ (જન્મ તા. ૦૩/૦૪/૨૦૦૮) નાનીને લગ્ન કરવાની લાલચ આપી પટાવી ફોસલાવી પ્રેમ સંબંધ બાંધી તા.૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૨૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન મોજે. ઉનેલી, તા.બોરસદ, જી.આણંદ મુકામેથી લગ્ન કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી મોટર સાઇકલ રજી. નં. જી.જે.ઈ.ઈ.પ૪૯૨ માં અપહરણ કરી લઈ જઈ તા. ૨૦/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૨૧:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન અલગ અલગ જગ્યાએ રાખી અવાર નવાર સગીર ભોગ બનનાર સાથે

શરીર સંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી બી.એન.એસ. કલમ – ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ– ૬ , ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે?

**મુદ્દા નં. ૦૩.** છેવટનો શું હુકમ ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય હવે પછી જણાવેલા કારણોસર નીચે મુજબ રહેલ છે.

૦૧. હકારમાં.

૦૨. નકારમાં.

૦૩. આખરી હુકમ મુજબ.

**–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–**

**–: <u>ફરિયાદ પક્ષ તર્ફે મૌખિક દલીલો</u> :–**

**(૧૧)** વિદ્વાન એ.પી.પી.શ્રી જે.એચ.રાઠોડે તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, આ કામના આરોપી સામે આંક–૦૫ બી.એન.એસ. કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪ (૨)(એમ) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ– ૬ , ૧૨ મુજબના ગુન્હાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષ દ્વારા આરોપી સામે આક્ષેપિત આ તહોમતને મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ દ્વારા નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ છે.

**(૧૧.૧)** વિદ્વાન એ.પી.પી.શ્રી જે.એચ.રાઠોડે વિશેષમાં રજુઆત કરેલ છે કે, આ કામે આરોપી સામે પોક્સો એક્ટ અન્વયેના ગુન્હાનો આક્ષેપ છે અને આ કાયદાની જોગવાઈને આધીન આક્ષેપિત બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાની હકીકત ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષે

આંક–૨૮ થી તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત ઉનેલી, તા.બોરસદ, જી.આણંદ દ્વારા આપવામાં આવેલ ભોગ બનનારનુ જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. તે મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૦૩/૦૪/૨૦૦૮ ની છે. જે ભોગ બનનારના જન્મ પ્રમાણપત્ર ધ્યાને લેતાં, ભોગ બનનારની જન્મ તારીખ ૦૩/૦૪/૨૦૦૮ રહેલ છે. પંચાયત દફતરે સદર જન્મ નોધણી તારીખ ૦૮/૦૪/૨૦૦૮ થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. જે ધ્યાને લેતાં સમયમર્યાદામાં સરકારી દફતરે ભોગ બનનારના જન્મની નોધણી થયેલાનુ જાહેર થયેલ છે. જે જન્મ નોધણી પ્રમાણપત્ર વિરુધ્ધ ફરિયાદ પક્ષે સદર જન્મ પ્રમાણપત્ર ખોટુ કે બનાવટી હોય કે સદર જન્મ નોધ વિરુધ્ધ કોઈ ભરોસાપાત્ર વાંધો કે રજુઆત નથી. જે ધ્યાને લેતાં ભોગ બનનારનુ સરકારી દફતરે નોધાયેલ જન્મ નોધણી નહી માનવાને કોઈ વ્યાજબી કારણ જણાતુ નથી. વધુમાં આ બનાવ તા.૧૪/૭/૨૦૨૫ ના રોજ બનેલ છે જે ધ્યાને લેતા બનાવ સમયે ભોગ બનનારની ઉમર સગીર વયની ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૦૩ માસ ૧૧ દિવસો હોવાનું જણાય આવે છે. જેથી ફરિયાદ પક્ષ બનાવ સમયે ભોગ બનનાર સગીર યાને કે ૧૮ વર્ષથી ઓછી ઉંમર હોવાનુ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેતા હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

**(૧૧.૨)** વિદ્વાન એ.પી.પી.શ્રી જે.એચ.રાઠોડે રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનારને આંક–૪૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના પતિ સાથે રહે છે અને ઘરકામ કરે છે. તેમનુ પિયર ઉનેલી ખાતે થાય છે. તેમના પિતા ખેતમજૂરી કરે છે. તેઓ ૩ ભાઇ–બહેન છે જેમા તેઓ સૌથી મોટા છે. તેઓ ધોરણ–૧૧ સુધી ભણેલ છે. તેમની જન્મતારીખ ૦૩/૦૪/૨૦૦૮ છે. તેમના માતા પિતા તેમના લગન તેમની મરજી વિરુધ્ધ કરાવવા માંગતા હોય અને તે છોકરો તેમને ગમતો ન હોય તેથી તેઓ કોઇને કીધા વગર તેઓ તેમની બહેનપણીના ઘરે ગોંડલ મુકામે જતા રહેલ અને ત્યારબાદ તેમને જાણવા મળેલ કે તેમના માતાએ વિરસદ પોલિસ સ્ટેશન માં તેમની ગુમ થયાની ફરીયાદ આપેલી જેથી તેઓ ઘરે પરત આવતા તેમને વિરસદ પોલિસ સ્ટેશને લઇ ગયેલા. પોલિસે ફકત તેમનુ નામ સરનામુ પૂછેલ . પોલિસ તેમને

તેમની શારીરીક ચકાસણી માટે પ્રથમ ઝારોલા પી.એચ.સી અને ત્યારબાદ શ્રી ક્રિષ્ણ હોસ્પીટલ લઈ ગયેલા. પોલિસ તેમને તેમનુ નિવેદન લેવા માટે આણંદ કોર્ટમાં લાવેલા ત્યા પોલિસને કહેતા તેઓએ સહી કરી આપેલી. તેમજ ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન તેમનુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ મુજબનુ નિવેદન લેવાયેલ હોવાની હકીકત સ્વીકારેલ છે અને આ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ -૧૮૩ મુજબનુ ભોગ બનનારનુ નિવેદન વિદ્વાન જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ ના પ્રબંધો મુજબ નોંધવામાં આવેલ છે તેથી તેને નહી માનવા કોઈ કારણ રહેતુ નથી અને તેના આધારે પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થાય છે.

**(૧૧.૩)** વિદ્વાન એ.પી.પી. શ્રી જે.એચ.રાઠોડે રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનારના માતા (ફરિયાદી) ને આંક-૪૧ થી તપાસવામાં આવેલા છે પરંતુ તેઓએ તેમની સરતપાસમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે. તેઓની જુબાનીમાં આંક-૪૨ થી ફરિયાદ રજુ થયેલ છે. વધુમાં વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે આરોપી ની તથા ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર ડોકટર ઈશાબેન નિમેશકુમાર માલી તથા ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર ડોક્ટર વ્યાપ્તી કશ્યપભાઈ પૂંજારાને અનુક્રમે આંક-૧૨ અને આંક-૧૯ થી તપાસવામાં આવેલા છે. ભોગ બનનારની તપાસ કરનાર ડોકટરશ્રીએ ભોગ બનનારે તેઓની સમક્ષ આપેલ બનાવ હિસ્ટ્રીમાં વિગતવાર સ્પષ્ટ શબ્દોમાં આરોપી વિરુધ્ધના ગુનાની વિગતો જણાવેલ છે. તે જ રીતે આરોપીની મેડીકલ તપાસ કરનાર ડોકટર ઈશાબેન નિમેશકુમાર માલી ને આંક-૧૨ ની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપીના શરીર ઉપર કોઈ ઈજાના ચિન્હો હતા નહી અને તપાસમાં એવુ જાણવા ન મળેલ કે આરોપી શારીરિક સબંધ બાંધવા માટે સક્ષમ નથી.

**(૧૧.૪)** વિદ્વાન એ.પી.પી. શ્રી જે.એચ.રાઠોડે વિશેષમાં રજુઆત કરેલ છે કે, આ કામે ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ જયકૃષ્ણ બળવંતરાય ભટ્ટને આંક-

૦૭ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૦૮ અને આંક–૦૯ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચ અને આરોપીના કપડા કબજે કર્યાના પંચ સાહેદ સ્મિતલબેન પરેશભાઈ ક્રિસ્તી ને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૦ અને આંક–૩૧ થી રજુ અનુક્રમે ભોગ બનનારના કપડાનું, આરોપીના કપડાનું પંચનામાઓ રજુ થયેલ છે અને આ પંચ સાહેદે તેઓની રૂબરૂમાં પંચનામુ કરવામાં આવેલ અને ભોગ બનનાર અને આરોપીના કપડા ઓળખી બતાવેલ છે. આમ, આરોપી અને ભોગ બનનારે બનાવ સમયે પહેરેલા કપડાનુ પંચનામુ પણ સાહેદના પુરાવાથી પુરવાર થાય છે.

**(૧૧.૫)** વિદ્વાન એ.પી.પી.શ્રી જે.એચ.રાઠોડે વિશેષમાં રજુઆત કરેલ છે કે, પોલીસને ફરિયાદી કે આરોપી સામે કોઈ રાગ દ્વેષ નથી કે તકરાર નથી અને તેથી આ કામે તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારી તથા અન્ય પોલીસ સાહેદોના પુરાવાઓને નહી માનવા કોઈ કારણ નથી અને આ સાહેદોના પુરાવાઓના આધારે પણ ફરિયાદ પક્ષ નો કેસ પુરવાર થયેલ છે.

**(૧૧.૬)** તેઓએ અંતમાં રજુઆત કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ હોય આરોપીને કસુરવાર ઠરાવી કાયદાથી નિર્ધારિત મહત્તમ સજા કરવી જોઈએ.

**–: <u>બચાવ પક્ષની દલીલ</u> :–**

**(૧૨)** આરોપી પક્ષ તર્ફે ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ .યુ.દીવાન તરફ થી તેમની મૌખિક રજુઆતોમાં જણાવેલ છે કે, આ કામના આરોપી સામે આંક–૦૫ થી બી.એન.એસ. કલમ –૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ–૨૦૧૨ ની

કલમ– ૬ , ૧૨ મુજબના ગુન્હાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્ધારા કુલ ૧૦ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે પરંતુ ફરિયાદ પક્ષના મહત્વના સાહેદો દ્ધારા અને ખુદ ભોગ બનનાર દ્ધારા ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી અને તેથી ફરિયાદ પક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર થયાનુ કહી શકાય નહી.

**(૧૨.૧)** બચાવ પક્ષે આરોપી તરફે ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ.યુ. દીવાને વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના સાહેદો પૈકી મહત્વના સાહેદો ખુદ ભોગ બનનાર, ભોગ બનનારના માતા અને ભોગ બનનારની શારીરિક તપાસ કરનાર તબીબી અધિકારી અને તપાસ કરનાર અધિકારી છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, પુરાવાના કાયદાના સિદ્ધાંતો અનુસાર દીવાની કાર્યવાહીના કામે પુરાવાનો બોજો પ્રબળતા ની સંભાવના આધારે નિર્ણીત થાય છે જ્યારે ફોજદારી કાર્યવાહીના કામે ફરિયાદ પક્ષ ઉપરનો બોજો તમામ વ્યાજબી શંકાઓથી પર સ્થાપિત કરવાનો રહે છે. પુરાવાના આ સિદ્ધાંતો ધ્યાને લેતા હાલના કામે ફરિયાદ પક્ષ આરોપી સામે તમામ વ્યાજબી શંકાઓથી પર આક્ષેપિત હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ આરોપી સગીર ભોગ બનનારને લલચાવી, ફોસલાવી અપહરણ કરી લઈ જઈ સગીર ભોગ બનનાર સાથે તેણી સગીર હોવાનુ જાણવા છતાં બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધેલ હોવાની હકીકતને ફરિયાદી કે ભોગ બનનારના પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૨.૨)** બચાવ પક્ષે આરોપી તરફે ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ.યુ. દીવાને વધુમાં રજુઆત કરેલ છે કે, વિદ્ધાન એ.પી.પી.શ્રી ની રજુઆત કે તબીબી પુરાવા થી ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયેલ છે માનવા લાયક નથી અને કાયદાના સિદ્ધાંતો મુજબ તબીબી પુરાવો માત્ર મુખ્ય અને મુળભુત પુરાવાના સમર્થનકારી પુરાવા તરીકે જ ધ્યાને લઈ શકાય. તેઓએ જણાવેલ છે કે, આ કામે ભોગ બનનાર દ્ધારા તેણીની સાથે આરોપીએ તેની સગીર અવસ્થા દરમ્યાન મરજીથી કે બળજબરીથી કોઈ શરીર સબંધ

બાંધેલ ન હોવાનુ સોગંદ ઉપર જણાવેલ છે. તે સંજોગોમાં આ તબીબી પુરાવાના આધારે કેસ પુરવાર થયાનુ કહી શકાય નહી આથી આ તબીબી પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

**(૧૨.૩)** બચાવ પક્ષે આરોપી તરફે ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ.યુ. દીવાને વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર અને ફરિયાદી ભોગ બનનારના માતા ના મૌખિક પુરાવાઓ વિશ્વાસનીય અને માનવા લાયક નથી ત્યારે વિદ્વાન એ.પી.પી.શ્રી ની રજુઆત અનુસાર માત્ર તબીબી અધિકારીના પુરાવા તેમજ તપાસ કરનાર અધિકારીના પુરાવાના આધારે ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનુ કહી શકાય નહી.

**(૧૨.૪)** બચાવ પક્ષે આરોપી તરફે ડેપ્યુટી ચીફ ડિફેન્સ કાઉન્સીલ શ્રી એ.યુ. દીવાને વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા તપાસ કરનાર અધિકારી અને અન્ય સાહેદોના પુરાવાઓ માત્ર પ્રક્રિયાત્મક સ્વરૂપના પુરાવાઓ છે. ફરિયાદ પક્ષના મુખ્ય સાહેદો એવા ભોગ બનનાર તથા ભોગ બનનારના માતા કે જેઓ ખુદ ફરિયાદી છે. તેમના પુરાવાઓમાં કોઈ સમર્થનકારી હકીકતો જણાવવામાં આવેલ ન હોય, તપાસ કરનાર અધિકારી અને અન્ય સાહેદોના પુરાવાઓ ધ્યાને લઈ શકાય નહી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ આક્ષેપિત કેસ સ્થાપિત કરવા માં નિષ્ફળ રહેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**-: <u>ફરિયાદ પક્ષે રજુ થયેલો પુરાવો</u> :-**

**(૧૩)** હાલના કામે ફરિયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ ફરિયાદીશ્રીની સગીર વયની દીકરી ઉ.વ.૧૭ વર્ષ ૩ માસ (જન્મ તા.૦૩/૦૪/૨૦૦૮) નાનીને લગ્ન કરવાની લાલચ આપી પટાવી ફોસલાવી પ્રેમ સંબંધ બાંધી તા. ૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૨૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન મોજે. ઉનેલી, તા. બોરસદ, જી.આણંદ મુકામેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી મોટર સાઈકલ

રજી.નં.જી.જે.ઈ.ઈ.પ૪૯૨ માં અપહરણ કરી લઈ જઈ તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૨૧:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન અલગ અલગ જગ્યાએ રાખી અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી બી.એન.એસ. કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ–૬ , ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપીત કેસ રહેલો છે.

**(૧૪)** હાલના કામે રજુ થયેલો સમગ્ર પુરાવો જોતા અને તેનુ મુલ્યાંકન કરતા, આ કામે ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ ૧૦ સાહેદ તપાસવામાં આવેલા છે. જેઓનો પુરાવો નીચે મુજબ છે.

**(૧૫)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૧ તરીકે આંક–૦૭ થી પંચ સાહેદ જયકૃષ્ણ બળવંતરાય ભટ્ટને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આણંદ જીલ્લામાં મામલતદાર કચેરી બોરસદ ખાતે નાયબ મામલતદાર તરીકે તેમની ફરજ બજાવે છે અને તેમના ઉપરી અધિકારીએ વિરસદ પોલિસ સ્ટેશનના એક ગુનાના કામે પંચમા રહેવા જવા માટે લેખિત હુકમના આધારે તેઓ તથા તેમની સાથે નોકરી કરતા દિગ્વીજયસિંહ જાડેજા નાઓ તા. ૦૪/૦૮/૨૦૨૫ ના બપોર ના ૧૦/૩૦ કલાકે તેઓ વિરસદ પોલીસ સ્ટેશને ગયેલા તે વખતે ત્યા ભોગ બનનાર તથા પોલિસના માણસો તેમજ એ.એસ.આઈ. વિરલસિંહ રાઠોડ સાહેબ હાજર હતા અને તેઓએ તેમને સમજ આપેલ કે પોકસો એકટનો એક ગુનો બનેલ છે તેની સ્થળ તપાસ કરવા માટે રાજકોટ મુકામે જવાનું છે તે સ્થળ ભોગ બનનારે બતાવેલ તેવુ જણાવેલ જેથી બપોરના ૧૦/૪૫ વાગ્યાની આસપાસ તેઓ પંચો, આરોપી તથા પોલીસના માણસો ખાનગી વાહનમાં બેસી ગોંડલ કોટડા સાંગણી રોડ ઉપર એસ.આર.પી. ગ્રાઉન્ડ સામે રોયલ પાર્ક સોસાયટીમાં ફ્લેટ નં. ૨૦૫, બી–વીંગમાં ગયેલા અને ત્યાં આરોપી સાથે ત્યાં ત્રણ દિવસ રોકાયેલા સદર ફ્લેટનો દરવાજો ખોલતા ફ્લેટના ભાડુઆત ભરતભાઈ ઠાકોર નાઓ હાજર હતા અને ભોગ બનનારે બનાવવાળી જગ્યા બતાવતા ફ્લેટના મુખ્ય ઓરડા

ની અડોઅડ એક રૂમ આવેલ જે આશરે ૦૮ x ૦૮ ની હતી અને ભોયતળીયે ટાઈલ્સ પાથરેલ હતી સદર જગ્યાએ કોઈ નોંધપાત્ર નિશાનો જણાઈ આવેલ નહી તેમજ પોલિસે તપાસ અર્થે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નહી જે બાબતનુ વિગતવારનુ પંચનામુ કરેલુ તે પંચનામામા તેઓએ તથા તેમની સાથેના પંચ દિગ્વીજયસિંહ જાડેજા નાઓએ સહી કરેલી ત્યારબાદ ભોગ બનનાર બીજી બનાવવાળી જગ્યા બતાવવા માંગતા હોય તે જ દિવસે વિમલ સ્ટીલ કંપનીના કમ્પાઉન્ડમાં ચાપર વેરાવળ ખાતે પહોચેલા અને ત્યાં ભોગ બનનાર કંપનીના કમ્પાઉન્ડમાં કંપનીની બિલ્ડીંગની ઉપર બનાવેલ ઓરડીમાં આવી બનાવવાળી જગ્યા બતાવતા તે ઓરડી દક્ષિણ દ્વારની હતી ૦૮ x ૦૮ ની હતી સદર જગ્યાએ કોઈ નોંધપાત્ર નિશાનો જણાઈ આવેલ નહી તેમજ પોલિસે તપાસ અર્થે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નહી જે બાબતનુ વિગતવારનુ પંચનામુ કરેલુ તે પંચનામામા તેઓ એ તથા તેમની સાથેના પંચ દિગ્વીજયસિંહ જાડેજા નાઓએ સહી કરેલી. પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન આંક–૮ અને આંક–૯ થી રજુ પંચનામામાં પંચ નં.૧ તરીકે તેમની સહી અને પંચ નં.ર તરીકે દિગ્વીજયસિંહ જાડેજા નાઓની સહી છે તે ઓળખી બતાવે છે. ત્યારબાદ પંચ સાહેદ આંક–૧૦ થી રજુ લેખિત હુકમ કે જેમા તેમનુ નામ તથા તેમની સાથેના દિગ્વીજયસિંહ નાઓનુ નામ લખેલ છે અને નીચે મામલતદારશ્રી બોરસદ નાઓની સહી છે તે ઓળખી બતાવે છે.

**(૧૫.૧)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, યાદી કોને અને કેટલા વાગ્યે મળેલી તેની તેમને જાત માહીતી નથી. તેઓ વધુમાં જણાવે છે કે, તેમની નોકરીનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ સુધીનો છે. તેઓ એ વાત સ્વીકારે છે કે, આ ગુનાવાળી જગ્યાએ થી કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નહી અને તેઓ તેમના ઉપરી અધિકારીની સૂચનાથી પંચ તરીકે રહેવા ગયેલા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, પંચનામાની હકિકત તેઓ પંચો લખાવતા હોઈ અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. તેઓ જણાવે છે કે, તેમને

તેમનો લેખિત હુકમ તા.૦૩/૦૮/૨૦૨૫ ના રોજ સાંજે મળેલો. તેઓ એ વાત સ્વીકારે છે કે, પોકસો કેસનું પંચનામું કરવાનુ છે તેવી હકિકત તેમને પોલીસે જણાવેલી અને પોલીસ સ્ટેશને તેઓ ગયા ત્યારે ભોગ બનનાર અને તેની સાથેના અન્ય માણસોને તેઓ ઓળખતા ન હતા તેમજ ભોગ બનનારનું કોઈ ઓળખ કાર્ડ મેળવી તેમની હાજરીમાં ઓળખની ખરાઈ કરાવેલ હોય તેવુ બનેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એ.એસ આઈ.શ્રી વિરલસિંહે ભોગ બનનાર હાજર હોય તેમની ભોગ બનનાર તરીકે ઓળખાણ કરાવેલી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, કઈ જગ્યાએ ક્યાં જવાનુ છે તે હકિકત તેમને પોલીસે જણાવેલી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ જે સહીઓ કરેલી તે પોલીસ સ્ટેશનમાં કરેલી અને તેઓએ જેમા સહીઓ કરેલી તે પંચનામું પોલીસે તૈયાર રાખેલ તેમજ પોલીસને તેઓએ કોઈ હકિકત લખાવેલ હોય અને પોલીસે લખેલ હોય તેવુ બનેલ નથી કે તેમની હાજરીમાં અન્ય કોઈ વ્યક્તિએ બોલીને કોઈ હકિકત પોલીસને લખાવેલ હોય તેવું બનેલ નથી તેમજ તેઓએ સહી કરતા પહેલા પંચનામું વાંચેલ નહી કે તેમને વાંચી સંભળાવેલ નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમની હાજરીમાં બનાવવાળી જગ્યા ના કોઈ માલિકીના પુરાવા કબજે કરવામાં આવેલા નહી. તેઓ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર સાથે તેમને કોઈ વાતચીત થયેલ નહી કે ભોગ બનનારે કોઈ પણ જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નહી તેમજ તેમની હાજરીમાં ભોગ બનનારે બનાવની કોઈ હકિકત પોલીસને જણાવેલ હોય અને તેઓએ સાંભળેલ હોય તેવુ બનેલ નથી કે પોલિસે પંચનામુ લખી પાછળથી તૈયાર પંચનામામાં તેમની સહી કરાવેલી કે તેમની હાજરીમા કોઇ કાર્યવાહી થયેલ નથી.

(૧૬) ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૨ તરીકે આંક–૧૨ થી ભોગ બનનાર તથા આરોપીની શારીરિક ચકાસણી કરનાર ડોકટર ઈશાબેન નિમેશકુમાર માલીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા

૨૧/૭/૨૦૨૫ ના રોજ પી.એચ.સી. ઝારોલા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતા ત્યારે વિરસદ પો.સ્ટેના ગુનાના કામે વુ.પો.કો દિપાલીબેન બ નં પ૯૬ નાઓ ભોગ બનનારને શારીરીક ચકાસણી માટે યાદી સાથે તેમની સમક્ષ કલાક ૫/૫૨ વાગે લઈને આવેલા જે અસલ પોલિસ યાદી તેઓએ તેમની સહી કરી રીસીવ કરેલ અને તેમના હોદદાનો સિકકો મારેલ ત્યારે ભોગ બનનારની ઉમર ૧૭ વર્ષ અને ૩ માસની હતી . ડોકટર સાહેદે જુબાની દરમ્યાન આંક-૧૩ થી રજુ યાદીની સ્થળપ્રતમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. તેઓ વધુમાં જણાવે છે કે, ભોગ બનનારની શારીરીક તપાસણી કરતા પહેલા સંમતિ લીધેલી અને ભોગ બનનારની શારીરીક ચકાસણી દરમ્યાન તેણીના ઓળખ ચિનહ તરીકે જમણા ગાલ ઉપર તલનુ નિશાન હતુ તથા જમણી છાતી ઉપર તલ નુ નિશાન હતુ તેમજ ભોગ બનનારને તેણીની માસિક વિશે હિસ્ટ્રી પૂછતા તેણીને છેલ્લી માસિકની તા.૫/૭/૨૦૨૫ હતી તેમજ ભોગ બનનારને બનાવ વિશે હીસ્ટ્રી પૂછતા જે કહેલ તે તેમના અક્ષરોમા લખેલી તેણીએ હીસ્ટ્રીમા એવુ જણાવેલ કે, "આજથી આશરે બે વર્ષ પહેલા કૌશિકભાઇ જયંતીભાઈને પહેલી વાર ભેટ શાળાના ગેટની બહાર થઇ પછી કૌશિકભાઈ શાળામાં રીક્ષાચાલકનુ કામ કરતા હતા ભોગ બનનાર તેમની રીક્ષામાં જતા ન હતા પણ રોજ તેઓ સાથે મુલાકાત શાળાના ગેટ ઉપર થતી, બે વર્ષના સમયમાં ૧ વર્ષ પહેલા જયારે ભોગ બનનાર ૧૦ માં ધોરણમાં હતા ત્યારે તેમની વચ્ચે પહેલો જાતીય સંભોગ થયેલો તે સમયે કોઇ જાતની બળજબરી કરવામાં આવી ન હતી, ના કોઈ માદક પદાર્થ પીવડાવામાં આવેલો અમને કોઇ નિરોધનો ઉપયોગ કરલે નહી ત્યારબાદ ૧૫/૭/૨૫ ના રોજ સવારે ૫/૦૦ વાગે અમે બંને ભાગી ગયેલા અને ગોંડલ જતા રહેલા અને ગોંડલ કૌશિકના મિત્ર રહે છે તેમને સ્વામીનારાયણ મંદિર ઉપર બંનેને કામ અપાવ્યુ હતુ અને રહેવાની સગવડ કરી આપી હતી, મિત્રએ આપેલી રહેવાની સગવડમાં બંને રહેતા અને ત્યાં તેમની વચ્ચે ૫ થી ૬ વાર જાતીય સંભોગ બંધાયેલો (૧૫/૭/૨૫, ૧૬/૭/૨૫, ૧૭/૭/૨૫, ૧૮/૭/૨૫ ) ત્યારે પણ કોઇ બળજબરી કરવામાં આવેલ નહી કોઈ માદક પદાર્થ પીવડાવામાં આવેલો અમને કોઇ નિરોધનો ઉપયોગ કરલે નહી, ત્યારબાદ ૧૯/૭/૨૫ ના રોજ શાપર વેરાવળ ખાતે આવેલ કોઇ કંપનીમાં કામ શોધેલુ અને તે રાત કંપનીમાં રહયા હતા ત્યાં તેમની વચ્ચે જાતીય સંભોગ બંધાયેલ રાતે ૧૦

વાગે તા ૧૯/૭/૨૫ ત્યારબાદ ૨૦/૭/૨૫ ના રોજ વિરસદ પોલિસે ફોન ટ્રેસ કરીને બંનેને ગોંડલથી પકડેલા અને પી.એચ.સી ઝારોલા લાવેલા". જે હીસ્ટ્રી લખી લીધેલી તેમા ભોગ બનનારે પોતાની સહિ કરેલી અને વુ.પો.કો. દીપાલીબેનની સહી છે.

**(૧૬.૧)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનાર તથા આરોપીની શારીરિક ચકાસણી કરનાર ડોકટર ઈશાબેન નિમેશકુમાર માલી એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારને તપાસતા નાડીના ધબકારા, બી.પી. વિગેરે સામાન્ય હતા બાહ્ય ઈજાના નિશાનો જોવા મળેલા નહી ભોગ બનનાર સ્નાન કરેલ હતુ પણ કપડા બદલેલ ન હતા ભોગ બનનારની તપાસ દરમ્યાન તેના શરીર ઉપરથી વધુ તપાસ માટે નખ, લાળ, લોહી માથા તથા ગુપ્તભાગના વાળ, પેશાબ લીધેલ અને તેને સીલ પેક કરીને એફ.એસ. એલ અમદાવાદ ખાતે મોકલાવવા ફોરવર્ડીંગ યાદી સાથે પોલિસને આપેલી. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્રની સ્થળપ્રત કે જેમા તેમની સહી છે અને તેમની હોસિપટલના હોદ્દાનુ સીલ સિકકો મારેલ છે જે આંક–૧૪ થી રજુ કરેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓએ ભોગ બનનારની વધુ શારીરીક તપાસણી સારુ શ્રી ક્રિષ્ણ હોસ્પીટલ, કરમસદ ખાતે રીફર કરેલા તેમજ તેઓએ કરેલ ભોગ બનનારની શારીરીક તપાસ અંગેનુ એમ.એલ.સી સર્ટી તૈયાર કરીને પોલિસને સુપ્રત કરેલુ. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન આંક–૧૫ થી રજુ સર્ટી કે જે તેઓએ તૈયાર કરેલ અને તે સર્ટી તેઓએ વાંચીને તેમા તેમની સહી કરી તેમના હોદ્દાનો સિકકો મારેલ છે જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૬.૨)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનાર તથા આરોપીની શારીરિક ચકાસણી કરનાર ડોકટર ઈશાબેન નિમેશકુમાર માલી એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તે જ દિવસે આરોપી કૌશિકને પો.કો ધર્મેશભાઇ વસંતભાઇ બ નં ૩૦ નાઓ

વિરસદ પો.સ્ટે નાઓ શારીરીક તપાસણી માટે યાદી સાથે લઇને આવેલા. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન આંક–૧૬ થી રજુ યાદી રીસીવ કર્યા બદલ તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ તેઓ વધુમાં જણાવે છે કે, આરોપીની શારીરિક તપાસણી કરતા પહેલા તેની સર્ટીફીકેટમાં સંમતિ મેળવેલી જે બદલ તેણે મેડીકલ સર્ટીફીકેટમાં સહી કરેલી તેમજ આરોપીના ઓળખના ચિન્હોમા જમણા હાથના ફોર્રઆર્મના ભાગે અંગ્રેજીમાં K લખેલ ટેટુમાર્ક હતુ તેમજ આરોપીએ એવી હીસ્ટ્રી આપેલ કે, "અમારા બંને વચ્ચે બે વર્ષ થી સબંધ છે તેઓ રોજ ભોગ બનનારને શાળાની બહાર મળવા જતા સૌપ્રથમ જાતીય સંભોગ ૧ વર્ષ પહેલા ભોગ બનનારના ઘર પાછળ ખેતરમાં બાંધેલો કોઇ માદક પદાર્થ પીવડાવામાં આવેલો નહી, અમને કોઇ નિરોધનો ઉપયોગ કરેલ નહી, તા ૧૫/૭/ર૫ ના રોજ સવારે ૫/૦૦ વાગે બંને ભાગીને ગોંડલ બાઇક ઉપર ગયેલા, એમના મિત્રના મદદથી સ્વામીનારાયણ મંદિર ખાતે કામ મળેલ અને મિત્રની રુમમાં રહેતા હતા ત્યાં ૪ દિવસ રહયા હતા, રાત્રી દરમ્યાન એકલા રહેતા હતા ત્યાં તેમની વચ્ચે ૫–૬ વખત જાતીય સંભોગ બંધાયેલો તા. ૧૯/૭/ર૫ ના રોજ તેમને શાપર વેરાવળ ખાતે આવેલી કંપનીમાં કામ મળેલ હતુ અને બંને એક રાત કંપનીમાં રોકાયા હતા પછી તા ર૦/૭/ર૫ ના રોજ બપોરે ૧ર/૦૦ વાગ્યાની આપસાસ બંનેને પોલિસે ગોંડલથી પકડી લીધેલા ત્યારબાદ તેમને પીએચસી ખાતે તપાસ માટે લાવેલા." સદર હીસ્ટ્રી આરોપીને વાંચી સંભળાવેલ અને આરોપીએ તે હીસ્ટ્રી નીચે પોતાના અંગૂઠાનુ નિશાન તેમજ સહી કરેલ .

**(૧૬.૩)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનાર તથા આરોપીની શારીરિક ચકાસણી કરનાર ડોકટર ઈશાબેન નિમેશકુમાર માલી એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, આરોપીની શારીરીક તપાસણી કરતા તેના બી.પી. પલ્સ સામાન્ય હતા તેના શરીર ઉપર બાહય ઈજાના નિશાનો જોવા મળેલા નહી બાહય જનીનદ્રીયની તપાસમા કોઈ ઈજા હતી નહી સ્મેગ્માની હાજરી જોવા મળેલ નહી તેનો બંધારણ સામાન્ય હતો શારીરીક પરીક્ષણ બાદ નમૂનાઓ જેવા કે સીમેન, લોહી, લાળ, માથાના તથા ગુપ્ત ભાગના વાળ અને બંને હાથના નખ લઇને સીલબંધ કરી ફોરવર્ડીંગ પત્ર સાથે એફ.એસ.એલ મા

મોકલવામા આવેલા. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન આરોપીના શરીર પરથી જે નમુના તપાસ અર્થે ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલાવેલ તે ફોરવર્ડીંગ પત્રની ઓફીસ કોપી આંક–૧૭ થી રજુ કરેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓએ આરોપીની કરેલ શારીરીક તપાસના આધારે જણાયેલ કે આરોપીના શરીર ઉપર કોઇ ઈજા ના ચિનહો હતા નહી અને તપાસમા એવુ જાણવા મળેલ નહી કે આરોપી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ નથી. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન આંક–૧૮ થી રજુ આરોપીની શારીરિક તપાસણીનુ એમ.એલ. સી. સર્ટી કે જે તેમના હસ્તાક્ષરમાં છે અને તેની નીચે તેમની સહી તથા તેમના હોદ્દાનો સિકકો મારેલ છે જે ઓળખી બતાવે છે.

**(૧૬.૪)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા ભોગ બનનાર અને આરોપીની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ સ્વીકારેલ છે કે, આરોપી તથા ભોગ બનનારને પોલીસ યાદી સાથે તા.૨૧/૭/૨૦૨૫ ના રોજ પી.એચ.સી. ઝારોલા ખાતે લાવવામાં આવેલા તેમજ ભોગ બનનારની વધુ શારીરિક તપાસણી માટે તેઓએ કરમસદ મેડીકલ હોસ્પિટલ ખાતે રીફર કરેલા અને ભોગ બનનાર અને આરોપીની હીસ્ટ્રી અલગ કાગળમાં લીધેલ જેમા ભોગ બનનારની કે આરોપી ની કોઈ સહી કે અંગૂહાનું નિશાન નથી તેમજ આરોપી તથા ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાનો જોવા મળેલ નહી તથા ભોગ બનનારને તેમની સમક્ષ તપાસ માટે લાવવામાં આવેલ ત્યારે તેણીએ સ્નાન કરેલ હતુ પરંતુ કપડા બદલેલ ન હતા તેમજ તેઓએ કબજે કરેલ ભોગ બનનાર તથા આરોપીના નમુનાઓ પોલીસને સોંપેલા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, પોલીસની ફરિયાદને સમર્થન આપવા માટે તેઓએ ખોટી રીતે આંક–૧૫ તથા આંક–૧૮ વાળા સર્ટીફીકેટ તૈયાર કરી આપેલા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, ભોગ બનનાર કે આરોપીના શરીરના બાહય ભાગ ઉપર ઈજાના ચિન્હો હતા નહી.

**(૧૭)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૦૩ તરીકે આંક–૧૯ થી ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર સાહેદ વ્યાપ્તી કશ્યપભાઈ પૂંજારાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૭ મહિનાથી કરમસદ શ્રી ક્રિષ્ણ હોસ્પીટલમા સીનીયર રેસીડન્ટ તરીકે ફરજ બજાવે છે ગત તા. ૨૨/૭/૨૦૨૫ ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર હતા ત્યારે વિરસદ પો.સ્ટેના વુમન કો. દીપાલીબેન બ.નં ૦૫૯૬ નાઓ ભોગ બનનારને શારીરીક ચકાસણી માટે યાદી સાથે તેમની સમક્ષ કલાક સવારે ૧૧/૦૮ વાગે લઈને આવેલા અને તેનુ શારીરીક પરીક્ષણ કલાક ૧૧/૧૦ વાગે શરુ કરેલુ ત્યારે ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૦૩ મહિનાની હતી અને તેણીની જન્મ તા.૩/૪/૨૦૦૮ હતી. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન ગુનાની અસલ પોલીસ યાદી આંક–૨૦ થી રજુ કરેલ છે. તેમજ તેઓ વધુમાં જણાવે છે કે, ભોગ બનનારની શારીરીક તપાસણી કરતા પહેલા તેની અને તેણીની માતા ની સંમતિ લીધેલી અને તે બદલ ભોગ બનનારે તથા તેની માતાએ તેમની હોસ્પીટલના કેસ પેપરમા તેમજ એમ.એલ.સી. મા સંમતિવાળા કોલમમા સહી કરેલ . ડોકટર સાહેદ જુબાની દરમ્યાન કેસ પેપર કે જેમા ભોગ બનનારની તથા તેમના વિભાગના ફીમેલ એટેન્ડન્સ રીનાબેન નાઓની સહી છે જે આંક–૨૧ થી રજુ કરેલ છે.

**(૧૭.૧)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર સાહેદ વ્યાપ્તી કશ્યપભાઈ પૂંજારા એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારની શારીરીક ચકાસણી દરમ્યાન તેણીના ઓળખ ચિનહ તરીકે જમણા ગાલ ઉપર તલનુ નિશાન હતુ અને કપાળની ડાબી બાજુ કપાળના ભાગે તલનુ નિશાન હતુ તેમજ માસિક હિસ્ટ્રી પૂછતા તેણીએ જણાવેલ કે " તેણીની માસીક શરુઆત ૧૪ વર્ષની ઉમરે થયેલી, અને દર ૨૮ થી ૩૦ દિવસના અંતરે ૩ થી ૫ દિવસ માસીક આવતુ હતુ તેણીને છેલ્લી માસિકની તા.૫/૭/૨૦૨૫ હતી તેમજ ભોગ બનનારને બનાવ વિશે હીસ્ટ્રી પૂછતા તેણીએ તેમના સમક્ષ હીસ્ટ્રીની જે વિગત જણાવેલ તે તેમની સૂચના મુજબ

ડો.ભૂમિ મોડીચાના અક્ષરોમાં લખવામાં આવેલી તેણીએ હીસ્ટ્રીમા એવુ જણાવેલ કે "કૌશિક ઉનેલીમાં રહે છે અમે બંને એકબીજાને ૩ વર્ષથી ઓળખતા હતા કૌશિક મને પહેલી વાર મને સ્કૂલની બહાર જયારે નિશાળથી છૂટીયે ત્યારે મળ્યા હતા, ધીરે ધીરે અમે એકબીજાને ગમવા લાગ્યા અને મારા ઘરેથી મારા માટે છૌકરો શોધતા હતા અને બીજી જગ્યાએ લગન કરવાનુ કહેતા હતા આથી હું અને કૌશિક ભાગીને ગોંડલ ગયા ત્યાં સ્વામીનારાયણ મંદિરમાં ૩ દિવસ રોકાયા ત્યાં ૩ દિવસ શારીરીક સબંધ બાંધેલ અમારી મરજીથી નિરોધનો ઉપયોગ વગર ત્યારબાદ અમે લોકો શાપર ગયા અને ૧ રાત રોકાયા અને એક વાર સબંધ રાખ્યો મારી મરજીથી નિરોધના ઉપયોગ વગર એના પછી અમે ૨૦/૭/૨૫ ના રોજ બપોરે શાપરથી પકડાયા અને પકડીને વિરસદ પોલિસ સ્ટેશન લઇ ગયા છેલ્લો સબંધ શાપરમાં રાખ્યો હતો અને અમારા કપડા વિરસદ પોલિસ સ્ટેશનમાં જપ્ત કરેલા" જે હીસ્ટ્રી લખી લીધેલી તેમા ભોગ બનનારે સહી કરેલી.

**(૧૭.૨)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર સાહેદ વ્યાપ્તી કશ્યપભાઈ પૂંજારા એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારને તપાસતા નાડીના ધબકારા, બી.પી. વિગેરે સામાન્ય હતા શરીર પર કોઇ ઈજાના નિશાનો જોવા મળેલ નહી ભોગ બનનારની ગુપ્તભાગની તપાસ કરતા કોઇ ઈજા ના નિશાનો જોવા મળેલ હાયમેનની તપાસ કરતા તે તૂટી ગયેલ હતુ સ્નાન કરેલ અને કપડા બદલી લીધેલ હતા ભોગ બનનારની પ્રેગનેન્સી માટે યુ.પી.ટી ટેસ્ટ કરેલ જે નેગેટીવ આવેલ ભોગ બનનારની તપાસ દરમ્યાન તેના શરીર ઉપરથી વધુ તપાસ માટે વલ્વલ સ્વાબ, યુરેથ્રલ સ્વાબ, લોહી, લીધેલ અને તેને સીલ પેક કરીને એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલાવવા ફોરવર્ડીંગ ચાદી સાથે પોલિસને આપેલી. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્રની સ્થળપ્રત કે જેમા તેમની સહી છે અને તેમના હોસ્પિટલના હોદ્દાનુ સીલ સિકકો મારેલ છે જે આંક-૨૨ થી રજુ કરેલ છે.

**(૧૭.૩)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર સાહેદ વ્યાપ્તી કશ્યપભાઈ પૂંજારા એ એવો અભિપ્રાય આપેલ છે કે, ભોગ બનનારના શરીર ઉપર કે ગુપ્તભાગ ઉપર કોઇ ઈજાના નિશાનો જણાતા ન હતા જે તેણીની સાથે બળજબરી થયેલ ન હોવાનુ સૂચવતુ હતુ તેમ છતા તેણીની સાથે દુષ્કર્મ થયેલાનુ નકારી શકાય નહી જે મતલબનુ એમ.એલ.સી સર્ટી તૈયાર કરીને પોલિસને સુપ્રત કરેલુ. ડોકટર સાહેદ જુબાની દરમ્યાન આંક–૨૩ થી રજુ સર્ટી કે જે તેમની સાથેના જુનિયર ડોકટર ભૂમિ મોડીયાના હસ્તાક્ષરમાં તૈયાર કરેલુ અને જે તેમની સૂચના મુજબ તૈયાર થયેલુ છે અને આ સર્ટી તેઓએ વાંચીને તેમા તેમની સહી કરી તેમના હોદ્દાનો સિકકો મારેલ છે જે ઓળખી બતાવે છે. તેમજ ડોકટર સાહેદ જુબાની દરમ્યાન ભોગ બનનારનુ આઈડિન્ટીફીકેશન ફોર્મ આંક–૨૪ થી રજુ કરેલ છે.

**(૧૭.૪)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેણીએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને પોલિસયાદી સાથે લાવેલા અને તેઓએ પોલિસ યાદીનો અભ્યાસ કરેલો પરંતુ હીસ્ટ્રી તેઓએ તેમના અક્ષરોમા લખેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, બનાવની હીસ્ટ્રી ભોગ બનનારની સાથે આવેલ તેની માતાએ લખાવેલી તેમજ પોલિસ યાદી તેમને મળેલ ન હતી અને સર્ટીમા લખેલ હીસ્ટ્રી પોલિસ યાદી મુજબ લખવામાં આવેલ. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, ભોગ બનનારની ઉમર જે એમ.એલ સી ના કેસ પેપર મા છે તે જન્મ અંગેના પ્રમાણપત્રના આધારે લખેલ છે તેમજ ભોગ બનનારના શરીર ઉપર બળજબરીથી શારીરીક હુમલો કરવામાં આવેલ હોય તેવા કોઈ ઈજા ના ચિનહો જોવા મળેલ નહી તેમજ ભોગ બનનારના સેકન્ડરી સેક્સયુઅલ કેરેકટર સુવિકસિત હતા શારીરીક બાંધાના આધારે ભોગ બનનાર પુખ્ત વયની છે તે તેઓ કહી શકે નહી તેમજ હાયમેન તૂટવાના અનેક કારણો હોઈ શકે જો મરજી વિરુધ્ધ શારીરીક

સબંધ બાંધવામા આવે તો ઈજાના નિશાન જોવા મળે. તેઓ જણાવે છે કે, એમ.એલ.સી સર્ટી ડો.ભૂમિ મોડીયાના હસ્તાક્ષરોમાં તેમની સૂચના મુજબ તૈયાર કરવામાં આવેલ છે અને આ સર્ટીફીકેટના દરેક પાના ઉપર તેમની સહી છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ સર્ટીફીકેટમાં એવી નોંધ કરવામાં આવેલ છે કે ભોગ બનનારે આંગળી તથા સાધન વડે ગુપ્તભાગે તપાસ કરવાની સમંતિ આપેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેમના જુનિયર ડોકટર સમ્રગ હીસ્ટ્રી તથા સર્ટી તૈયાર કરેલ અને તેઓએ માત્ર સહી કરેલી અને તે ભોગ બનનારની તેઓએ તપાસણી કરેલ નથી.

**(૧૮)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૦૪ તરીકે આંક–૨૫ થી તલાટી કમ મંત્રી રવિન્દ્રસિંહ જશવંતસિંહ પરમારને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૦/૪/૨૦૧૭ થી તલાટી કમ મંત્રી તરીકે તેમની ફરજ બજાવે છે ગઈ તારીખ ૨૫/૭/૨૦૨૫ ના રોજ તેઓ ઉનેલી ગ્રામ પંચાયત ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વિરસદ પોલિસ સ્ટેશનના ગુના રજી નં ૧૧૨૧૫૦ ૩૯૨૫૦૧૯૯/૨૦૨૫ ના ગુના કામે ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર મેળવવાની યાદિ મળેલ જે યાદી તેઓએ રીસીવ કરી તેમા તેમની સહી કરી હોદદાનો સિકકો મારેલ . સાહેદ તેમની જુબાની દરમ્યાન આંક–૨૬ થી રજુ યાદી કે જેમા રીસીવ કર્યા બદલ તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જુબાની દરમ્યાન આંક–૨૭ થી રજુ સને ૨૦૦૮ નુ જન્મ મરણ રજીસ્ટર ના જેના પાના નં ૦૧ ઉપર અનુક્રમ નં ૧ ઉપર ભોગ બનનારના જન્મની નોધણી કરવામા આવેલ છે જે મુજબ તેની જન્મ તા. ૩/૪/૨૦૦૮ અને નોધણી તા. ૮/૪/૨૦૦૮, નામના કોલમમા ભોગ બનનારનુ નામ લખેલુ છે, જન્મ સ્થળ ઉનેલી, મા-બાપનુ કાયમી રહેઠાણનુ સરનામુ ઉનેલી તા. બોરસદ જી.આણંદ, પિતા નુ નામ G, માતાનુ નામ S, અને માહિતિ આપનારનુ નામ જશભાઇ નારણભાઇ સોલંકી અને તેના પછીના કોલમમા માહિતિ આપનાર નાઓએ સહી કરેલ છે જે અસલ રજીસ્ટરના જરૂર પુરતા પાના નં.૧ ની ખરી નકલ રજુ કરેલ છે. તેમજ સાહેદ આંક–૨૮ થી રજુ ભોગ

બનનારનુ અસલ જન્મનુ પ્રમાણપત્ર કે જેમા જન્મ મરણની રજીસ્ટરમાં લખેલી વિગતો જણાવેલી છે અને તેમા તેમના હોદ્દાનો સિકકો લગાવેલો છે તેમજ ઉનેલી ગ્રામ પંચાયતનો સિકકો લગાવેલો છે અને તેમની સહી કરેલ છે તે ઓળખી બતાવે છે.

**(૧૮.૧)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ ઈન્કાર કરેલ છે કે, જન્મના પ્રમાણપત્ર મેળવવા માટે પોલિસ તરફથી તેમને કોઈ યાદી મળેલ નહી. તેઓ એ વાત સ્વીકારે છે કે, ઉનેલી તલાટી કમ મંત્રી તરીકે સને ૨૦૦૮ માં તેઓ ફરજ બજાવતા ન હતા તથા માહિતિ આપનારે જન્મ અંગેની જે માહિતિ આપેલ હશે તેના આધારે આ જન્મની નોંધ થયેલી અને આ જન્મની નોંધના કોલમ નં ૧૩ અને ૧૫ માં કોઈ સરનામું દર્શાવેલ નથી માત્ર ગામનુ નામ ઉનેલી દર્શાવેલ છે.

**(૧૯)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૦૫ તરીકે આંક-૨૯ થી ભોગ બનનારના કપડા તથા આરોપીના કપડાના પંચનામાના પંચ સાહેદ સ્મિતલબેન પરેશભાઈ ક્રિસ્તી ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બોરસદ નગરપાલિકા ખાતે સીટી મેનેજર તરીકે તેમની ફરજ બજાવે છે અને તેમના ઉપરી અધિકારીએ વિરસદ પોલિસ સ્ટેશનના એક ગુનાના કામે પંચમા રહેવા જવા માટે મૌખિક સૂચના આપેલી જેથી તેઓ તથા તેમની સાથે નોકરી કરતા વિશાલભાઈ નટુભાઈ પરમાર નાઓ તા. ૨૧/૦૭/૨૦૨૫ ના સમયે ૨૧/૩૦ થી ૨૨/૦૦ વાગે વિરસદ પોલિસ સ્ટેશને ગયેલા તે વખતે ત્યાં ભોગ બનનાર તથા પોલિસના માણસો હાજર હતા પોલિસ સ્ટેશનમાં ભોગ બનનારના કપડા ભોગ બનનાર રજૂ કરતા હોય જેથી તેઓને પંચમા રહેવા તેઓએ સ્વખુશી દર્શાવેલી અને ભોગ બનનારે તેના પહેરેલા કપડા અલગ રુમમા જઈ બદલી રજૂ કરતા તે કપડામાં મહેદી કલરનુ ફૂલભાતવાળુ અડધી બાયનુ ટોપ અને કાળા કલરની લેગીસ હતી તે તમામને અલગ અલગ કાગળમા મૂકીને તેનુ પડીકું બનાવી

તેમાં તેમની પંચોની તથા સાહેબની સહીવાળી કાપલી મૂકી દોરાથી બાંધી સીલ સિકંકા કરી કબજે લીધેલ આ અંગેનુ પંચનામાનુ લખાણ કરવામા આવેલ અને તે પંચનામાના લખાણમા તેઓએ તથા તેમની સાથેના પંચ વિશાલભાઇ નાઓએ સહી કરેલી. પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન આંક–૩૦ થી રજુ પંચનામુ કે જેમા પંચ નં.ર તરીકે તેમની સહી છે અને પંચ નં.૧ તરીકે વિશાલભાઈ નાઓની સહી છે જે ઓળખી બતાવે છે.

**(૧૯.૧)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનાર ના કપડા તથા આરોપીના કપડાના પંચનામાના પંચ સાહેદ સ્મિતલબેન પરેશભાઈ ક્રિસ્તી એ તેમની સોગંદ ઉપરની જુબાની માં જણાવેલ છે કે, આરોપી કૌશિક જયંતીભાઇ સોલંકી નાઓની શરીરસ્થતિનું તેમજ બનાવ સમયે પહેરેલ કપડાનું પંચનામુ કરવાનુ હોય તેઓ પંચોને સમજ કરતા સ્વખુશી બતાવેલી ત્યારબાદ આરોપીએ અલાયદી રુમમાં જઇ તેમની સમક્ષ કપડા રજૂ કરતા જેમા એક સિલેટીયા કલરનો સફેદ ફૂલભાતવાળો શર્ટ અને વાદળી કલરનું જીન્સનું પેન્ટ રજૂ કરેલ જે કપડા પોલિસે અલગ અલગ કાગળમા મૂકીને તેનુ પડીકુ બનાવી તેમા તેમની પંચોની તથા સાહેબની સહીવાળી કાપલી મૂકી દોરાથી બાંધી સીલ સિકકા કરી કબજે લીધેલ આ અંગેનુ પંચનામાનુ લખાણ કરવામા આવેલ અને તે પંચનામાના લખાણમા તેઓએ તથા તેમની સાથેના પંચ વિશાલભાઈ નાઓએ સહી કરેલી. પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન આંક–૩૧ થી રજુ પંચનામુ કે જેમા પંચ નં.ર તરીકે તેમની સહી છે અને પંચ નં.૧ તરીકે વિશાલભાઈ નાઓની સહી છે જે ઓળખી બતાવે છે.

**(૧૯.૨)** ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનાર ના કપડા તથા આરોપીના કપડાના પંચનામાના પંચ સાહેદ સ્મિતલબેન પરેશભાઈ ક્રિસ્તી એ તેમની સોગંદ ઉપરની જુબાની માં જણાવેલ છે કે, તેઓને આંક–૩ર થી રજુ મુદામાલ આર્ટીકલ નં. ૦૧ કે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટની પરવાનગીથી ખોલીને જોતા તેમાંથી એક મહેંદી કલરનુ ફૂલભાવાળુ અડધી બાયનું ટોપ નીકળેલ છે જે ભોગ બનનારે રજૂ કરેલ અને પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે અને તે મુદ્દામાલમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે જેમા

તેમની સહી પંચ નં. ૨ તરીકે છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૩૩ થી રજુ મુદામાલ આર્ટીકલ નં. ૦૨ કે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટની પરવાનગીથી ખોલીને જોતા તેમાંથી એક કાળા કલરનો લેગીસ નીકળેલ છે જે ભોગ બનનારે રજૂ કરેલ અને પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે અને તે મુદ્દામાલમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે જેમા તેમની સહી પંચ નં. ૨ તરીકે છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક–૩૪ થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ કે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટની પરવાનગીથી ખોલીને જોતા તેમાથી એક સિલેટીયા કલરનો સફેદ ફૂલભાતવાળો શર્ટ નીકળેલ છે જે આરોપીએ રજૂ કરેલ અને પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે અને તે મુદામાલમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે જેમા તેમની સહી પંચ નં ૨. તરીકે છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક–૩પ થી રજુ મુદ્દામાલ આર્ટીકલ નં. ૪ કે જે સીલબંધ હાલતમાં છે જેને નામદાર કોર્ટની પરવાનગીથી ખોલીને જોતા તેમાથી એક વાદળી કલરનું જીન્સનું પેન્ટ નીકળેલ છે જે આરોપીએ રજૂ કરેલ અને પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે અને તે મુદામાલ માંથી એક પંચ સ્લીપ નીકળેલ છે જેમાં તેમની સહી પંચ નં ૧ તરીકે છે જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૯.૩)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમને પંચનામાની કાર્યવાહી કરવા માટે બોલાવેલ અને પોલીસે તેમના ચીફ ઓફીસર નગરપાલિકાને યાદી પાઠવેલ અને તેઓના હુકમના આધારે તેઓ પંચમાં હાજર રહેલા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, ચીફ ઓફીસરશ્રીએ તેમને લેખિતમાં હુકમ કરેલ નહી. તેઓ જણાવે છે કે, તેઓ પોલીસ સ્ટેશને આશરે રાતના ૯/૦૦ વાગ્યે પહોંચેલા અને આશરે ૧૦/૦૦ વાગ્યાની આસપાસ પંચનામાની કાર્યવાહી પુર્ણ થયેલી. તેઓ એ વાત સ્વીકારે છે કે, આ પંચનામાની કાર્યવાહી દરમ્યાન તેઓ બન્ને પંચો, ભોગ બનનાર તથા આરોપી અને પોલીસ અધિકારી હાજર હતા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેમના સિવાય બીજુ અન્ય કોઈ ત્યાં હાજર

ન હતુ. તેઓ એ વાત સ્વીકારે છે કે, તેમને જે મુદ્દામાલ કપડા બતાવવામાં આવ્યા તેવા કપડા બજારમાં સહેલાઈથી મળી શકે. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપી અને ભોગ બનનારના કપડા તેમના રુબરુ કબજે થયેલ નથી અને આ પંચનામાની કોઈ કાર્યવાહી તેમના રુબરુ થયેલ નથી.

**(૨૦)** ફરીયાદ પક્ષે મોટરસાઈકલના પંચનામાના પંચ સાહેદ શંકરભાઈ ભયજીભાઈ ચૌહાણને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના બનેવી તેમને પોલિસ સ્ટેશનમાં બોલાવવા આવેલા અને બાઈક પોલિસ સ્ટેશનમા જમા કરવાની છે તેનુ પંચનામુ કરવા માટે કહેતા તેઓએ સ્વખુશી બતાવેલી જે બાઇક પિન્ટુભાઈ પ્રવિણભાઈએ પોલિસ સમક્ષ રજૂ કરેલ તે બાઈક પિન્ટુભાઈ રાજકોટથી લાવેલા. આ બાઈક કોઈ ગુના માટે વપરાયેલ છે કે કેમ તેની તેમને ખબર નથી. પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન આંક–૩૭ થી રજુ પંચનામામાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓએ જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે પોલીસે તેમને બોલાવેલ ત્યારે ત્યા આ કામના કોઈ ઈસમ ગુનામાં વપરાયેલ વાહન રજુ કરતા હોય અને તેનુ પંચનામું તેમની હાજરીમાં કરવામાં આવેલુ હોય અને વાહન કબજે કરવામાં આવેલ હોય.

**(૨૦.૧)** આ કામે પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય વિધ્વાન સરકારી વકીલશ્રી તરફથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવા રજુઆત કરતા અને આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરીને વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ આ પંચ સાહેદએ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૨૦.૨)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે અગાઉથી લખેલા કાગળો પર માત્ર તેમની સહી લઈ લીધેલ તે સિવાય પંચનામા સંબંધી બીજી કોઈ હકીકત જાણતા નથી.

**(૨૧)** ફરીયાદ પક્ષે મોટરસાઈકલના પંચનામાના પંચ સાહેદ દિનેશભાઈ ડાહયાભાઈ સોલંકીને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ રીક્ષા લઈને જતા હતા ત્યારે બાઇક પોલિસ સ્ટેશનમા જમા કરવાની છે તેનુ પંચનામુ કરવા માટે કહેતા તેઓએ સ્વખુશી બતાવેલી જે બાઇક પિન્ટુભાઇ પ્રવિણભાઇએ પોલિસ સમક્ષ રજૂ કરેલ તે બાઇક પિન્ટુભાઇ રાજકોટથી લાવેલા. આ બાઈક કોઈ ગુના માટે વપરાયેલ છે કે કેમ તેની તેમને ખબર નથી. પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન આંક–૩૭ થી રજુ પંચનામામાં પંચ નં.ર તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓએ જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે પોલીસે તેમને બોલાવેલ ત્યારે ત્યા આ કામના કોઈ ઈસમ ગુનામાં વપરાયેલ વાહન રજુ કરતા હોય અને તેનુ પંચનામું તેમની હાજરીમાં કરવામાં આવેલુ હોય અને વાહન કબજે કરવામાં આવેલ હોય.

**(૨૧.૧)** આ કામે પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય વિધ્વાન સરકારી વકીલશ્રી તરફથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવા રજુઆત કરતા અને આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરીને વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ આ પંચ સાહેદએ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૨૧.૨)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે અગાઉથી લખેલા કાગળો પર માત્ર તેમની સહી લઈ લીધેલ તે સિવાય પંચનામા સંબંધી બીજી કોઈ હકીકત જાણતા નથી.

**(૨૨)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૦૮ તરીકે આંક–૪૧ થી ફરિયાદી ભોગ બનનારના માતાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને સંતાનમાં એક દીકરી અને ૨ દીકરા છે જેમા સૌથી મોટી ભોગ બનનાર છે ત્યારબાદ કિશન અને કરણ છે અને તેમની ભોગ બનનાર દીકરીએ ધોરણ-૧૧ સુધી અભ્યાસ કરેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓ બધા રાતે જમી પરવારીને સૂઈ ગયેલા અને રાતે સવારે ૬/૦૦ વાગે ઉઠેલા અને તેમણે જોયુ તો તેમની ભોગ બનનાર દીકરી ઘરમાં હાજર જોવા મળેલ નહી જેથી તેઓએ તેમના પતિને જણાવેલ અને તેમની ભોગ બનનાર દીકરીની આજુબાજુમાં તથા ગામમાં શોધખોળ કરેલ પણ ભોગ બનનાર દીકરી મળી આવેલ નહી તેમજ તેમની ભોગ બનનાર દીકરીને કોણ લઈ ગયેલ તેની તેમને ખબર પડેલ નહી ત્યારબાદ તેઓએ વિરસદ પોલિસ સ્ટેશનમાં આ બનાવ અંગેની ફરીયાદ આપેલી ત્યારબાદ તેમની ભોગ બનનાર દીકરી અઠવાડીયા બાદ મળી આવેલી અને તેમની ભોગ બનનાર દીકરીને કોણ ભગાડી ગયેલ તે બાબતે પૂછપરછ કરતા તેણી એ તેમને કઈ જણાવેલ નહી તેમજ તેમની ભોગ બનનાર દીકરીએ તેમને જણાવેલ કે તેઓ કામકાજ બાબતે તેને અવારનવાર ઠપકો આપતી હોય તેથી તે રીસાઈને તેની બહેનપણી ના ઘરે સૌરાષ્ટ્ર મુકામે જતી રહેલી અને અઠવાડીયા બાદ તેણીનો ગુસ્સો શાંત થતા તે ઘરે આવી ગયેલી. ફરિયાદી જુબાની દરમ્યાન આંક–૪૨ થી રજુ ફરિયાદ કે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આરોપી તેમના ગામનો હોવાથી તેઓ જોયે ઓળખી શકે.

**(૨૨.૧)** આ ફરિયાદી સાહેદની ઉપરોક્ત હકીકત મુજબની સોગંદ ઉપરની સરતપાસની હકીકતોના આધારે ફરિયાદી પક્ષના કેસની મહત્વની હકિકતોને સમર્થન કરતા ન હોય ફરિયાદી સાહેદને વિદ્બાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્બાન એ.પી.પી.શ્રી દ્બારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ ફરિયાદી સાહેદને પુછવામાં આવેલા અને તેમાં પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૨૨.૨)** આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી દ્ધારા આ ભોગ બનનારના માતા ફરિયાદી સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ અભણ હોવાથી તેઓને લખતા વાંચતા આવડતુ નથી અને તેમની ભોગ બનનાર દીકરી કયારે, કેવી રીતે, કોની સાથે જતી રહેલી તે તેઓએ નજરે જોયેલ નહી અને તેમની ભોગ બનનાર દીકરીએ ઘરે પરત આવ્યા બાદ બનાવ અંગેની કોઈ હકીકત તેમને જણાવેલ નહી અને ફરિયાદ ૭ દિવસ બાદ આપવામાં આવેલી તેમજ ફરિયાદ મોડી આપવા બાબતે તેઓએ કોઈ ખુલાસો ફરિયાદમાં આપેલ નથી તેમજ પોલીસે માત્ર તેમનુ નામ ઠામ પૂછેલ અને તે ફરીયાદમાં માત્ર તેઓએ સહી કરેલી.

**(૨૩)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૯ તરીકે આંક–૪૩ થી ભોગ બનનારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના પતિ સાથે રહે છે અને ઘરકામ કરે છે અને તેમનુ પિયર ઉનેલી ખાતે થાય છે તેમજ તેમના પિતા ખેતમજૂરી કરે છે અને તેઓ ૩ ભાઈ–બહેન છે જેમા તેઓ સૌથી મોટા છે અને તેઓ ધોરણ–૧૧ સુધી ભણેલ છે તથા તેમની જન્મતારીખ ૦૩/૦૪/૨૦૦૮ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તેમના માતાપિતા તેમના લગન તેમની મરજી વિરુધ્ધ કરાવવા માંગતા હોય અને તે છોકરો તેમને ગમતો ન હોય તેથી તેઓ કોઇને કીધા વગર તેઓ તેમની બહેનપણીના ઘરે ગોંડલ મુકામે જતા રહેલ અને ત્યારબાદ તેમને જાણવા મળેલ કે તેમના માતાએ વિરસદ પોલિસ સ્ટેશનમાં તેમની ગુમ થયાની ફરીયાદ આપેલી જેથી તેઓ ઘરે પરત આવતા તેમને વિરસદ પોલિસ સ્ટેશને લઇ ગયેલા ત્યારે પોલિસે ફકત તેમનુ નામ સરનામુ પૂછેલ . પોલીસને તેઓએ કોઈ બનાવવાળી જગ્યા બતાવેલી નહી કે કોઈ કપડા પણ રજુ કરેલા નહી તેમજ પોલિસ તેમને તેમની શારીરીક ચકાસણી માટે પ્રથમ ઝારોલા પી.એચ.સી અને ત્યારબાદ શ્રી ક્રિષ્ણ હોસ્પીટલ લઇ ગયેલા ત્યાં તેઓએ ડોકટર સમક્ષ કોઈ બનાવ અંગેની હીસ્ટ્રી જણાવેલી નહી તેમજ પોલિસ તેમને

તેમનુ નિવેદન લેવા માટે આણંદ કોર્ટમાં લાવેલા ત્યા પોલિસને કહેતા તેઓએ સહી કરી આપેલી. ભોગ બનનારે આંક- ૪૪ થી રજુ બી.એન.એસની કલમ ૧૮૩ મુજબના નિવેદન કે જે સીલબંધ હાલતમાં છે કે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આરોપી તેમના ગામમાં રહેતા હોય જોયે ઓળખી શકે છે. ભોગ બનનારે તેણીની જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે.

**(૨૩.૧)** આ ભોગ બનનારની ઉપરોક્ત હકીકત મુજબની સોગંદ ઉપરની સરતપાસ ની હકીકતોના આધારે ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકિકતોને સમર્થન કરતા ન હોય ભોગ બનનારને વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ ભોગ બનનારને પુછવામાં આવેલા અને તેમાં પણ તેઓએ ફરિયાદ પક્ષ ના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૨૩.૨)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ ભોગ બનનારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેમના માતા પિતા સાથે લગ્ન કરવા બાબતે ઝગડો થતો હોય તેઓ રીસાઈને તેમની બહેનપણીના ઘરે જતા રહેલ તેમજ તેઓ જેટલો સમય ગોંડલ મુકામે રહયા ત્યારે તે સમયગાળા દરમ્યાન આ કામના આરોપી કૌશિકે તેમને કયારેય મળવાનો પ્રયત્ન કરેલ નહી કે ઘરે આવ્યા બાદ પોલિસે માત્ર તેમનુ નામઠામ પૂછેલુ તે સિવાય બીજી કોઇ હકીકત પૂછેલી નહી તેમજ પોલિસે તેમનુ નિવેદન લીધા બાદ તેમને વાંચી સંભળાવેલ નહી કે ડોકટરને તેઓએ કોઈ હીસ્ટ્રી આપેલ નહી તેમજ તેમને કોર્ટમા ૧૮૩ મુજબના નિવદેન માટે લઈ જતા પહેલા તેમને નિવેદન કેવી રીતે આપવાનુ છે તે તેમને પોલિસે શીખવાડેલું અને પોલિસે તેમને શીખવાડેલ નિવેદન તેમને જજસાહેબ સમક્ષ આપવુ જ પડશે તેવુ જણાવેલ તેથી પોલિસના જણાવ્યા મુજબ તેઓએ જજસાહેબને નિવેદન આપેલ પરંતુ તે નિવદેન તેઓએ સ્વેચ્છાએ આપેલ નથી

તેમજ આરોપી કૌશિક તેમને ખોટી લાલચ આપી ભગાડી ગયેલ નથી કે આરોપી કૌશિકે તેમની સાથે કોઈ ગુનાહિત કૃત્ય કરેલ નથી કે તેઓએ પોલિસને કોઈ ગુનાવાળી જગ્યા બતાવેલ નથી કે તેઓએ પોલિસને તેમના કોઈ કપડા આપેલ નથી કે રજૂ કરેલ નથી.

**(૨૪)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૧૦ તરીકે આંક–૪૫ થી તપાસ કરનાર અધિકારી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગત તા. ૨૧/૭/૨૦૨૫ ના રોજ તેઓ પી.આઇ તરીકે વિરસદ મુકામે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી સજજબેન ગોવિંદભાઇ સોલંકી નાઓ રુબરુ આવી ફરીયાદ હકિકત જણાવેલી જે મુજબ તેઓએ ફરીયાદ હકિકત લખી લીધેલ ફરીયાદની નીચે ફરીયાદીની સહી લીધેલ અને રુબરુ તરીકે તેમની સહી કરેલી ત્યારબાદ તેઓએ ગુનો રજીસ્ટર કરેલો જે વિરસદ પોલિસ સ્ટેશન ગુના રજી નં.૧૧૨૧૫૦૩૯૨૫૦૧૯૯/૨૦૨૫ જે બી.એન.એસ ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા પોકસોની કલમ ૪, ૬ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ તેઓએ સંભાળી લીધેલ અને તપાસ સોંપતા તેઓએ સંભાળી લીધેલ ત્યારબાદ ભોગ બનનારનુ નિવેદન તેના લખાવ્યા મુજબ લખી લીધેલ ત્યારબાદ બે સરકારી પંચો સાથે રાખી ભોગ બનનારના બનાવ સમયે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે લીધેલ ત્યારબાદ ભોગ બનનાર બનાવવાળી જગ્યા બતાવા માંગતા હોય બે પંચો સાથે રાખી બનાવવાળી જગ્યાનુ એફ એસએલ અધિકારી સાથે રાખી પંચનામુ કરેલ.

**(૨૪.૧)** ફરીયાદ પક્ષ તર્ફે તપાસ કરનાર અધિકારી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવા એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનાર અને આરોપી ને મેડીકલ ઓફીસર રુબરુ તેમજ ભોગ બનનારને વધુ શારીરીક ચકાસણી માટે શ્રી ક્રિષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે યાદી પાઠવી તપાસણી કરાવેલ ત્યારબાદ મેડીકલ સર્ટી તપાસના કામે સામેલ રાખેલ ત્યારબાદ ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર મેળવવા માટે તલાટી કમ મંત્રી શ્રી ઉનેલી ગ્રામ પંચાયતને યાદી પાઠવી ગુનાના કામે ભોગ બનનારનુ

જન્મનુ પ્રમાણપત્ર મેળવેલ અને આરોપીની અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરેલ તેમજ ભોગ બનનારનુ બી.એન.એસ ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવા કાર્યવાહી કરેલ અને ભોગ બનનાર અને આરોપીના કબજે કરેલ કપડા તેમજ ડોકટર શ્રી ધ્વારા લેવા માં આવેલ નમૂનઓ રવાનગી સાથે એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ અને આરોપી સામે પૂરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ. તેઓ આરોપીને ઓળખી બતાવે છે.

**(૨૪.૨)** ફરીયાદ પક્ષ તર્ફે તપાસ કરનાર અધિકારી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવાએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આંક-૪૨ થી રજુ ફરિયાદમાં ફરિયાદીની સહી અને રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે, ફરીયાદીએ તેમની રુબરુની ફરીયાદમાં એવી હકિકત લખાવેલ કે, "ગઈ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ આશરે સાડા નવેક વાગ્યાના સુમારે અમો બધા ઘરના સભ્યો જમી પરવારીને સુઈ ગયેલા હુ તથા મારા પતિ ગોવિંદભાઈ નાઓ ઘરની બહાર ઓસરીમાં સુઈ ગયેલ અને મારી મોટી દિકરી આરતી તથા દિકરો કિશન તથા કરણ નાઓ ઘરમાં સુઇ ગયેલા અને બીજા દિવસે હુ તથા મારા પતિ ગોવિંદભાઇ નાઓ ભેસો દોવા સારૂ આશરે છએક વાગ્યે ઉઠેલ તે વખતે મે મારી દિકરી આરતીને ઘરમાં જોયેલ નહી જેથી હું તથા મારા પતિ ગોવિંદભાઈ નાઓ આરતીને અમારા ઘરની આડોશ પાડોશમાં તપાસ કરતા મળી આવેલ નહી જેથી હુ તથા મારા પતિ ગોવિંદભાઇ તથા કુટુંબી દિયર વિજયભાઇ જીવાભાઇ સોલંકી તથા પાડોશી મનુભાઇ ઉર્ફે બચી બુધાભાઇ સોલંકી તથા રમેશભાઈ મોતીભાઈ સોલંકી નાઓને મારી દિકરી આરતીની શોધખોળ કરવા સારૂ નીકળેલ પરંતુ મારી દિકરી ઉનેલી ગામમા કે આજુબાજુના વિસ્તારમાં તથા અમારા સગા સબંધીઓમાં શોધખોળ કરતા મળી આવેલ નહી અને અમો અમારી દિકરીની શોધખોળ મા રોકાયેલ હોય કોઈ ફરિયાદ કરેલ નહી મારી દિકરી આરતીની શોધખોળ કરતા હતા તે દરમિયાન તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ અમોને જાણવા મળેલ કે મારી દિકરી શાપર વેરાવળ મુકામે છે જેથી મારા પતિ ગોવિંદભાઇ તથા પાડોશી મનુભાઇ ઉર્ફે બચી

બુધાભાઈ સોલંકી તથા રમેશભાઈ મોતીભાઈ સોલંકી નાઓ શાપર વેરાવળ મુકામે ગયેલ જ્યાં મારી દિકરી આરતી તથા અમારા ગામનો કૌશીક જયંતીભાઈ સોલંકી નાઓ મળી આવેલ તે પછી તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ રાતના આશરે નવેક વાગ્યે મારી દિકરી આરતી ઘરે આવતા મારી દિકરીને પુછતા મારી દિકરી આરતીએ મને જણાવેલ કે આજથી છ માસ ઉપર હુ રણોલી ગામે હાઈસ્કુલમાં ભણતી હતી તે વખતે આપડા ગામનો કૌશીક જયંતીભાઈ સોલંકી નાઓ હુ સ્કુલે જતી આવતી હોય તે વખતે મારી આગળ પાછળ આટા ફેરા કરતો અને મને એક દિવસ જણાવેલ કે તુ મને બહુ ગમે છે મારે તારી સાથે લગ્ન કરવા છે જો તુ લગ્ન કરવાની ના પાડીશ તો હુ મરી જઈશ તેમ જણાવી મારી સાથે પ્રેમ સબંધ બાંધેલ તે પછી તા.૧૪/૦૭/૦૨૫ ના રોજ સાંજના હુ એકલી ખેતરમાં ચાર કાપવા ગયેલ તે વખતે આ કૌશીકભાઈ જયંતીભાઈ સોલંકી નાઓ ખેતરમાં આવેલ અને મને જણાવેલ કે મારે તારી સાથે લગ્ન કરવા છે આપડે બન્ને જણા ભાગી જઈએ જો તુ નહી આવે તો હુ મરી જઈશ અને તુ સવારે વહેલા આવજે આપડે બન્ને જણા ભાગી જઈશૂ તેમ જણાવેલ જેથી હુ વહેલી સવારે આ કૌશીકને મળેલ ત્યાથી અમો બન્ને જણા ભાગી ગયેલ અને ગોંડલ મુકામે ગયેલ જ્યાં અમો બન્ને જણા ત્રણ દિવસ રોકાયેલ જ્યાં આ કૌશીકભાઈ જયંતીભાઈ સોલંકી નાઓએ મારી સાથે શરીર સબંધ બાંધી સંભોગ કરેલ તે પછી અમો બન્ને જણા શાપર વેરાવળ મુકામે એક કંપનીમાં કામ મળતા જ્યા અમો બન્ને જણા બે દિવસ રોકાયેલ જ્યાં આ કૌશીકભાઈ જયંતીભાઈ સોલંકી નાઓએ મારી સાથે શરીર સબંધ બાંધી સંભોગ કરેલ તેવી વાત મને જણાવેલ જેથી આજ રોજ આ બાબતની જાણ મારા પતિ ગોવિદભાઈ નાઓને કરતા આ બનાવ બાબતે ફરિયાદ કરવાનું નક્કી કરતા આજ રોજ હું તથા મારા પતિ ગોવિંદભાઈ સાથે આ કૌશીકભાઈ જયંતીભાઈ સોલંકી રહે. ઉનેલી નાઓએ મારી સગીર વયની દિકરી આરતી ઉ. વ.૧૭ વર્ષ ત્રણ માસ (જન્મ તા. ૦૩/૦૪/૨૦૦૮) નાનીને સારા નરસાનું ભાન ન હોય તેને લગ્ન કરવાની લાલચ આપી પટાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ અવાર નવાર બળાત્કાર કરી ગુનો કરેલ હોય જેથી આ બનાવ બાબતે કૌશીકભાઈ જયંતીભાઈ સોલંકી રહે.ઉનેલી નાઓની વિરુધ્ધમાં કાયદેસર તપાસ થવા ફરિયાદ છે.”

**(૨૪.૩)** ફરીયાદ પક્ષ તર્ફે તપાસ કરનાર અધિકારી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવાએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આંક–૩૦ થી રજુ ભોગ બનનારના શરીરસ્થિતિ તથા પહેરેલા કપડાનુ પંચનામું કે જે બે સ્વતંત્ર પંચોની હાજરીમાં અને વુ.પો.કો. ને હાજર રાખી કરેલુ અને આ પંચનામા દરમ્યાન ભોગ બનનારે બનાવ વખતે જે કપડા પહેરેલ તે કપડા રજુ કરતા પંચનામાની વિગતે કબજે કરેલા જેમા બંને પંચો ની સહી છે અને રૂબરૂ તરીકે તેમની સહી છે. તેમજ આંક–૩૧ થી રજુ પંચનામુ કે જે આરોપીની શરીરસ્થિતિ તથા પહેરેલા કપડા રજુ કરતા તે અંગેનુ છે કે જે બે સ્વતંત્ર પંચોની હાજરીમાં કરેલ અને પંચનામા દરમ્યાન જે કપડા આરોપીએ રજુ કરેલ તે પંચનામાની વિગતે કબજે લીધેલા જે પંચનામામા બંને પંચોની સહી છે અને રૂબરૂ તરીકે તેમની સહી છે. તેમજ આંક–૮ અને આંક–૯ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કે જે ભોગ બનનારના બતાવ્યા અનુસારનુ પંચનામુ કે જે બે સ્વતંત્ર પંચોની હાજરીમાં કરેલ અને તે પંચનામામાં બંને પંચોની સહી છે અને રૂબરૂ તરીકે તેમની સહી છે.

**(૨૪.૪)** ફરીયાદ પક્ષ તર્ફે તપાસ કરનાર અધિકારી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવા એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનારે તેમની રુબરુ માં તા ૨૧/૭/૨૦૨૫ એવી હકિકત લખાવેલ કે "અમારા ગામના કૌશીકભાઇ જયંતીભાઇ સોલંકી નાઓ સાથે છેલ્લા બે વર્ષથી પ્રેમસંબંધમા હતી અને અમો બન્ને જણા એકબીજા સાથે ફોનમાં મેસેજથી તથા કોલીંગથી વાતચીતો કરતા હતા અને મને આ કૌશીક એક ફોન આજથી બે માસ ઉપર લઈ આપેલ જે ફોન પકડાઇ જતા ફોન તોડી નાખેલ તે પછી મારા પિતાએ મારી સગાઈ બીજે કરવાનું નક્કી કરેલ અને બીજે છોકરો જોવાનુ ચાલુ કરેલ અને તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ સવારના હુ અમારા ગામની ઘંટી એ હુ અનાજ દળાવવા જતી તે વખતે મને કૌશીકભાઈ જયંતીભાઇ સોલંકી નાઓ રસ્તામા મળેલ જેથી મે કોશીકને જણાવેલ કે મારા પપ્પા મારા લગ્ન બીજે કરવા માંગે છે જેથી કૌશીક જણાવેલ કે હુ તને ખુબ પ્રેમ કરુ છુ તારી વગર રહી શકતો નથી આપણે બન્ને જણા ભાગીને લગ્ન કરી લઈશુ તુ પંદર તારીખે સવારે વહેલા ચુવાવાળા રોડે આવી જજે

તેમ જણાવેલ તે પછી અમો બન્ને જણાએ નક્કી કર્યા મુજબ હુ તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ સવારે પાંચ વાગ્યે ચુવાવાળા રોડે ગયેલ જ્યા કૌશીક તેનુ મોટરસાયકલ લઇ ઉભો હતો ત્યાથી અમો બન્ને જણા આ કૌશીકના મોટરસાયકલમા બેસી તારાપુર બગોદરા ચોટીલા રોજકોટ થઇ ગોંડલ સ્વામીનારાણ ગુરુકુળમા ગયેલ જ્યા કૌશીકને ધોબીનુ કામ મળેલ અને અમો આ ગુરુકુળની એક ઓરડીમા ત્રણ દિવસ રોકાયેલ જ્યા મે તથા કૌશીક મારી મરજીથી ત્રણ વાર શરીર સંબંધ બાંધી સંભોગ કરેલ તે પછી કૌશીકે મને જણાવેલ કે તારા માતા-પિતા આપણી શોધખોળ કરે છે તેમજ ગુરુકુળમાંથી અમો બંને જણાને કાઢી મુકેલ તે પછી હુ તથા કૌશીક શાપર વેરાવળ આવેલ જ્યા આવેલ કંપનીઓમાં અમો બંને જણા કામકાજની શોધખોળ કરતા શાપર મુકામે વિમલ સ્ટીલ કંપનીમા કૌશીકને હેલ્પર તરીકે કામ મળેલ અને આ કંપની કંમ્પાઉન્ડમાં આવેલ રૂમમાં અમો બન્ને જણા કંપનીની ઓરડીમા બે દિવસ રોકાયેલ જ્યા મે તથા કૌશીક મારી મરજીથી એકવાર શરીર સંબંધ બાંધી સંભોગ કરેલ તે પછી મારા પપ્પા ગોવિંદભાઇ તથા મારા કુટુંબી કાકા રમેશભાઇ તથા મનુભાઇ નાઓ મને શોધતા સાપર વેરાવળ કંપનીમાં આવતા અમો બન્ને જણા પકડાઇ ગયેલ અને તે પછી મને મારા ઘરે લાવેલ જ્યા મારા મમ્મી સજનબેન નાઓને આ ઉપરોક્ત હકીકત જણાવેલ હતી હુ મારા ઘરેથી કોઇ રોકડ રકમ કે દર દાગીના લઇ ગયેલ નથી આપ સાહેબે મારી મમ્મી સજનબેન નાઓની હાજરીમાં સાદા કપડામાં મારૂ આ નિવેદન લીધેલ છે અને મારી સાથે કૌશીક જયંતીભાઇ સોલંકી નાઓએ શરીર સંબંધ બાંધેલ તે વખતે મે પહેરેલ કપડા મારી સ્વખુશીથી રજુ કરૂ છુ."

**(૨૭.૫)** ફરીયાદ પક્ષ તર્ફે તપાસ કરનાર અધિકારી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આંક-૧૩ વાળી યાદી કે જે ભોગ બનનારની શારીરિક ચકાસણી કરવા માટે મેડીકલ ઓફીસર નાઓને કરેલ યાદી છે જેમા તેમની સહી છે અને આંક-૧૬ વાળી યાદી કે જે આરોપીની શારીરિક ચકાસણી કરવા માટે મેડીકલ ઓફીસર નાઓને કરેલ યાદી છે જેમા તેમની સહી છે. સાહેદ જુબાની દરમ્યાન આંક- ૪૬ તથા આંક- ૪૭ થી રજુ સરકારી પંચો ફાળવવાની યાદી તેમજ આંક- ૪૮ થી આંક- ૫૧ સુધી રજુ હેઝવેલ્યુ સર્ટી તેમજ આંક- ૫૨ થી રજુ યાદી કે જેમા તેમની સહી છે.

આંક– પ૩ થી રજુ રવાનગી પત્રક તથા આંક– પ૪ થી રજુ મેસેજ ફોર્મ તથા આંક– પપ થી રજુ સૂચિપત્ર જે તમામમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક– પ૬ તથા આંક– પ૭ થી રજુ મુદ્દામાલ મળ્યાની પાવતી તથા આંક– પ૮ થી રજુ ફોરવર્ડીંગ પત્ર તથા આંક– પ૯ થી રજુ અહેવાલ કે જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે. આંક –૩ર થી આંક–૩પ વાળી પંચસ્લીપોમાં બે પંચોની સહી છે તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક– ૬૦ થી રજુ વિરસદ પોલીસ સ્ટેશનની ગુનાને લગતી સ્ટેશન ડાયરી કે જેના ઉપર ગુનાની નોંધ કરેલ છે તે રજુ કરેલ છે.

**(૨૪.૬)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવની ફરીયાદ ભોગ બનનારના માતાએ આપેલી તેમજ કહેવાતો બનાવ તારીખ ૧૪/૦૭/૨૫ ના રોજ બનેલ અને તેની ફરીયાદ તા.૨૧/૦૭/૨૫ ના રોજ આપેલી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, ભોગ બનનારનુ નિવેદન તેણીના લખાવ્યા મુજબ નહી પણ તેમની જાતે લખી લીધેલ તેમજ ફરીયાદીની ફરીયાદ તેના લખાવ્યા મુજબ નહી પણ તેમની જાતે લખી લીધેલ અને આ કામમા તમામ પંચનામા ફરીયાદને અનુરુપ લખી પંચોની પાછળથી સહી લીધેલ અને આ કામના સાહેદોના નામઠામ પૂછી નિવેદન લખી લીધેલા તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી રીતે અટક કરેલ.

**–: <u>મુદ્દા નંબર– ૦૧</u> :–**

**(૨૫)** આ કામના આરોપી વિરુધ્ધ વિરસદ પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૯૨૫૦૧૯૯/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪ (૨)(એમ) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ– ૬ , ૧૨ મુજબના ગુનાનો આક્ષેપીત કેસ રહેલ છે.

**(૨૬)** ફરીયાદ પક્ષ દ્વારા આરોપી સામે બાળકોને જાતીય ગુન્હાઓ સામે રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની જોગવાઈઓને આધિન ઉપરોકત મુજબના આક્ષેપીત ગુન્હાની હકિકત પુરવાર કરવા માટે સર્વ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકિકત પુરવાર કરવી જોઈએ. આ કેસમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના ભોગ બનનારની જન્મ તારીખ ૦૩/૪/૨૦૦૮ રહેલ છે અને બનાવ તા.૧૪/૭/૨૦૨૫ નો છે. જે ધ્યાને લેતાં આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૦૩ માસ ૧૧ દિવસની ઉંમર ધરાવતી સગીર વયના હતા.

**(૨૭)** ભોગ બનનારની સગીર અવસ્થાની ઉંમર બાબતે પુરાવાઓનુ મુલ્યાંકન કરતાં જણાય છે કે, આ કામે ફરિયાદી કે જેઓ ભોગ બનનારના માતા છે તેઓએ તેમની આંક–૪૨ ની ફરિયાદમાં તેણીની ભોગ બનનાર દીકરીની જન્મ તા.૦૩/૦૪/૨૦૦૮ હોવાનું જણાવેલ છે અને ભોગ બનનારે તેણીની આંક–૪૩ ની જુબાનીમાં તેણીની જન્મ તા.૦૩/૦૪/૨૦૦૮ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ છે. ફરીયાદ પક્ષ તર્ફે ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે દસ્તાવેજી પુરાવા તરીકે ફરીયાદ પક્ષે આંક–૨૮ થી તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત ઉનેલી તા.બોરસદ, જી.આણંદ દ્વારા આપવામાં આવેલ ભોગ બનનારના જન્મ પ્રમાણપત્ર રજુ થયેલ છે. તે મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૦૩/૦૪/૨૦૦૮ ની છે. જે ભોગ બનનારના અસલ જન્મ પ્રમાણપત્ર ધ્યાને લેતાં, ભોગ બનનારના માતા પિતાનું નામ તથા ભોગ બનનારનુ નામ તથા સરનામુ મુ.ઉનેલી તા. બોરસદ જેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૦૩/૦૪/૨૦૦૮ રહેલ છે. પંચાયત દફતરે સદર જન્મ નોધણી તારીખ ૦૮/૦૪/૨૦૦૮ ના રોજ થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. જે ધ્યાને લેતા સમય મર્યાદામાં સરકારી દફતરે જન્મ નોધણી થયેલાનુ જાહેર થયેલ છે. જે જન્મ નોધણી પ્રમાણપત્ર વિરુધ્ધ ફરિયાદ પક્ષે સદર જન્મ પ્રમાણપત્ર ખોટુ કે બનાવટી હોય કે સદર જન્મ નોધ વિરુધ્ધ કોઈ ભરોસાપાત્ર વાંધો કે રજુઆત નથી. જે ધ્યાને લેતાં ભોગ બનનારનુ સરકારી દફતરે નોધાયેલ જન્મ નોધણી નહી માનવાને કોઈ વ્યાજબી કારણ જણાતુ નથી. વધુમાં સદર જન્મ નોધણી બાબતે આરોપી પક્ષ તર્ફે કોઇ

વિરૂદ્ધની હકિકતો પુરવાર કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓમાં આક્ષેપીત બનાવ સમયે ભોગ બનનાર ૧૮ વર્ષ કરતાં ઓછી ઉંમરના હોવાની હકિકત પુરવાર થાય છે. આથી મુદ્દા નંબર–૦૧ નો નિર્ણય **હકાર** માં ઠરાવવામાં આવે છે.

–: **<u>મુદ્દા નંબર – ૦૨ અને ૦૩</u>** :–

**(૨૮)** ઉપરોકત હકિકતો અને પુરાવા ધ્યાને લેતાં, આ કામના હાલના આરોપી સામે ફરિયાદ પક્ષનો એવો આક્ષેપ છે કે, આરોપીએ ફરિયાદીશ્રીની સગીર વયની દીકરી ઉ.વ.૧૭ વર્ષ ૩ માસ (જન્મ તા.૦૩/૦૪/૨૦૦૮) નાનીને લગ્ન કરવાની લાલચ આપી પટાવી ફોસલાવી પ્રેમ સંબંધ બાંધી તા.૧૪/૦૭/૨૦૨૫ ના કલાક ૨૧:૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન મોજે. ઉનેલી, તા.બોરસદ, જી.આણંદ મુકામેથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી મોટર સાઈકલ રજી. નં. જી.જે.ઈ.ઈ.પ૪૯૨ માં અપહરણ કરી લઈ જઈ તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૨૧:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન અલગ અલગ જગ્યાએ રાખી અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી આરોપીએ શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

**(૨૯)** આ કામે સૌથી મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર છે. તેમના પુરાવાનું સુક્ષ્મતાપુર્વક અને બારીકાઈથી મુલ્યાંકન અને વિશ્લેષણ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ને અનુસરી કરવુ અનિવાર્ય જણાય છે. ભોગ બનનારના મૌખીક પુરાવાનુ વિશ્લેષણ અને મુલ્યાંકન કરતા પહેલા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો નોંધવા આવશ્યક જણાય છે. જે ધ્યાને લેતાં, ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ પ્રાથમિક પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સ્પષ્ટપણે અને નિઃશંકપણે પુરાવાઓથી સાબિત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીના કામે આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકતની સાબિતીનો ભાર ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરિયાદ પક્ષ દ્વારા આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકતો

સંપુર્ણ વિશ્વાસનીય અને સચોટ પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર કરવાની રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી જો ઈચ્છે તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓને આધિન પોતાના બચાવનો પુરાવો રજુ કરી શકે છે, પરંતુ જો આરોપી મૌન રહેવા માંગતા હોય તો તેમને ફરજ પાડી શકાય નહી. કાયદાનો એ સ્થાપિત સિદ્ધાંત છે કે આરોપીના બચાવની નબળાઈનો લાભ ફરિયાદ પક્ષ મેળવી શકે નહી. ફોજદારી કાર્યવાહીના કામે ફરિયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન અદાલત દ્વારા એક માનસિક પ્રક્રિયાને આધીન કાયદાના સ્થાપિત સિદ્ધાંતો મુજબ કરવાનું રહે છે. આવુ મુલ્યાંકન કરવા માટે કોઈ નિશ્ચિત પ્રક્રિયા હોય શકે નહી. પુરાવાઓનું મુલ્યાંકન દરેક કેસની હકીકતો, સંજોગો, રજુ થયેલા પુરાવાઓ અને કેસના ગુણદોષને આધીન કરવાનુ રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રમાં પુરાવાઓની સંખ્યા કે જથ્થા ને મહત્વ આપવામાં આવેલ નથી, પરંતુ પુરાવાની ગુણવત્તાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીના કામે પુરાવાઓના મુલ્યાંકન સમયે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અગત્યની બાબત રહેલા છે. પુરાવા અધિનિયમના સ્તુત્ય પ્રબંધો અનુસાર તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત અને આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ વિશ્વસનીય, માનવા લાયક અને સત્ય સ્થાપિત કરનાર એક માત્ર સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે પુરાવાઓનો જથ્થો રજુ કરવો જરૂરી નથી. તેવી જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ આપણી નામદાર અદાલત અને અન્ય નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા એ સિદ્ધાંત પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો જાતીય ગુન્હાનો ભોગ બનનાર સ્ત્રી કે બાળકીનો મૌખિક પુરાવો વિશ્વાસ સંપાદિત કરનારો, નિષ્કલંક અને માનવાલાયક રહેલો હોય તો તે શ્રેષ્ઠતાવાળો અને ઉત્કૃષ્ઠ પુરાવો છે અને તેના એક માત્ર આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેના માટે ભોગ બનનારના પુરાવાને સમર્થનકારી પુરાવાની અપેક્ષા રાખવાની નથી. જાતીય ગુન્હાઓના કામે રહેલ ભોગ બનનારના પુરાવામાં નાની, ક્ષુલ્લક કે તુચ્છ વિસંગતતાઓ અને વિરોધાભાસ હોય તો તે અપ્રસ્તુત છે.

(૩૦) ફોજદારી ન્યાયશાસ્ત્રના ઉપરોક્ત મુજબના સ્થાપિત સિદ્ધાંતોને લક્ષમાં રાખી ભોગ બનનારના આંક-૪૩ મુજબના સોગંદ ઉપરના પુરાવાનુ મુલ્યાંકન કરતા

જણાય છે કે, ભોગ બનનારનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વાસ સંપાદીત કરનારો અને માનવાલાયક નથી અને તેમના મૌખિક પુરવારમાં રહેલી વિસંગતતાઓ નાની, ક્ષુલ્લક કે તુચ્છ પ્રકારની રહેલી નથી અને આ વિસંગતતાઓ ફરિયાદ પક્ષના કેસને વિપરીત અસર કરનારી અને મહત્વનો વિરોધાભાસ દર્શાવનારી રહેલી છે.

(૩૧) ભોગ બનનારના આંક–૪૩ ના પુરાવામાં તેણીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ તેમના પતિ સાથે રહે છે અને ઘરકામ કરે છે અને તેમનુ પિયર ઉનેલી ખાતે થાય છે તેમજ તેમના પિતા ખેતમજૂરી કરે છે અને તેઓ ૩ ભાઇ–બહેન છે જેમા તેઓ સૌથી મોટા છે અને તેઓ ધોરણ–૧૧ સુધી ભણેલ છે તથા તેમની જન્મતારીખ ૩/૪/૨૦૦૮ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તેમના માતાપિતા તેમના લગન તેમની મરજી વિરુધ્ધ કરાવવા માંગતા હોય અને તે છોકરો તેમને ગમતો ન હોય તેથી તેઓ કોઇને કીધા વગર તેઓ તેમની બહેનપણીના ઘરે ગોંડલ મુકામે જતા રહેલ અને ત્યારબાદ તેમને જાણવા મળેલ કે તેમના માતાએ વિરસદ પોલિસ સ્ટેશનમાં તેમની ગુમ થયાની ફરીયાદ આપેલી જેથી તેઓ ઘરે પરત આવતા તેમને વિરસદ પોલિસ સ્ટેશને લઇ ગયેલા ત્યારે પોલિસે ફકત તેમનુ નામ સરનામુ પૂછેલ . પોલીસને તેઓએ કોઈ બનાવવાળી જગ્યા બતાવેલી નહી કે કોઈ કપડા પણ રજુ કરેલા નહી તેમજ પોલિસ તેમને તેમની શારીરીક ચકાસણી માટે પ્રથમ ઝારોલા પી.એચ.સી અને ત્યારબાદ શ્રી ક્રિષ્ણ હોસ્પીટલ લઇ ગયેલા ત્યાં તેઓએ ડોકટર સમક્ષ કોઈ બનાવ અંગેની હીસ્ટ્રી જણાવેલી નહી તેમજ પોલિસ તેમને તેમનુ નિવેદન લેવા માટે આણંદ કોર્ટમાં લાવેલા ત્યા પોલિસને કહેતા તેઓએ સહી કરી આપેલી. ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન આરોપી તેમના ગામમાં રહેતા હોય તેથી ઓળખતા હોવાનું જણાવેલ છે અને નહી કે તેમની સાથે તેમની સગીરા અવસ્થા દરમ્યાન દુષ્કર્મ આચરનાર તરીકે. આરોપી તરફેની ઉલટતપાસમાં પણ તેઓએ સ્વીકારેલ છે કે, તેમના માતા પિતા સાથે લગ્ન કરવા બાબતે ઝગડો થતો હોય તેઓ રીસાઈને તેમની બહેનપણીના ઘરે જતા રહેલ તેમજ તેઓ જેટલો સમય ગોંડલ મુકામે રહયા ત્યારે તે

સમયગાળા દરમ્યાન આ કામના આરોપી કૌશિકે તેમને કયારેય મળવાનો પ્રયત્ન કરેલ નહી. ભોગ બનનારે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે માત્ર તેમનુ નામઠામ પૂછેલુ અને તે સિવાય બીજી કોઇ હકીકત પૂછેલી નહી તેમજ પોલિસે તેમનુ નિવેદન લીધા બાદ તેમને વાંચી સંભળાવેલ નહી કે ડોકટરને તેઓએ કોઈ હીસ્ટ્રી આપેલ નહી તેમજ તેમને કોર્ટમા ૧૮૩ મુજબના નિવદેન માટે લઇ જતા પહેલા તેમને નિવેદન કેવી રીતે આપવાનુ છે તે તેમને પોલિસે શીખવાડેલું. ભોગ બનનારના પુરાવાના આધારે ફલીત થાય છે કે ભોગ બનનારનુ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન તેઓએ સ્વેચ્છાએ આપેલ નથી તેમજ આરોપી કૌશિક તેમને ખોટી લાલચ આપી ભગાડી ગયેલ નથી કે આરોપી કૌશિકે તેમની સાથે કોઈ ગુનાહિત કૃત્ય કરેલ નથી કે તેઓએ પોલિસને કોઈ ગુનાવાળી જગ્યા બતાવેલ નથી કે તેઓએ પોલિસને તેમના કોઈ કપડા આપેલ નથી કે રજૂ કરેલ નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના આક્ષેપીત તહોમત કે, આરોપીએ ફરિયાદીની સગીર દિકરી ભોગ બનનારને ફરિયાદીના કાયદેસરના વાલીપણા માંથી લલચાવી, પટાવી, ફોસલાવીને બદકામ કરવાના ઈરાદે અપહરણ કરીને લઈ ગયેલ હોવાની હકિકત તથા સગીર ભોગ બનનાર સાથે આરોપીએ કોઈ શારીરિક સબંધ બાંધેલ હોવાની હકિકત ખુદ ભોગ બનનારના પુરાવાથી પુરવાર થતી નથી.

**(૩૨)** આ કામે બીજા અન્ય મહત્વના સાહેદ ફરીયાદી (ભોગ બનનારના માતા ) છે. જેઓને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાય છે કે, તેઓ બનાવ બાબતે કોઇ પ્રતયક્ષ જાણકારી ધરાવતા નથી અને તેમનો મૌખિક પુરાવો કથોકથીત સ્વરૂપનો રહેલો છે. ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બધા રાતે જમી પરવારીને સૂઈ ગયેલા અને રાતે સવારે ૬:૦૦ વાગે ઉઠેલા અને તેમણે જોયુ તો તેમની ભોગ બનનાર દીકરી ઘરમાં હાજર જોવા મળેલ નહી જેથી તેઓએ તેમના પતિને જણાવેલ અને તેમની ભોગ બનનાર દીકરીની આજુબાજુમાં તથા ગામમાં શોધખોળ કરેલ પણ ભોગ બનનાર દીકરી મળી આવેલ નહી તેમજ તેમની ભોગ બનનાર

દીકરીને કોણ લઇ ગયેલ તેની તેમને ખબર પડેલ નહી ત્યારબાદ તેઓએ વિરસદ પોલિસ સ્ટેશનમાં આ બનાવ અંગેની ફરીયાદ આપેલી ત્યારબાદ તેમની ભોગ બનનાર દીકરી અઠવાડીયા બાદ મળી આવેલી અને તેમની ભોગ બનનાર દીકરીને કોણ ભગાડી ગયેલ તે બાબતે પૂછપરછ કરતા તેણીએ તેમને કોઇ હકીકત જણાવેલ નહી. ફરિયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની ભોગ બનનાર દીકરીએ તેમને જણાવેલ કે તેઓ કામકાજ બાબતે તેણીને અવારનવાર ઠપકો આપતા હોય તેથી તેમની ભોગ બનનાર દીકરી રીસાઇને તેની બહેનપણીના ઘરે સૌરાષ્ટ્ર મુકામે જતી રહેલી અને અઠવાડીયા બાદ તેણીનો ગુસ્સો શાંત થતા તે ઘરે આવી ગયેલી. આમ ફરિયાદીના પુરાવાના આધારે આંક –૪૨ વાળી ફરિયાદની હકીકત પુરવાર થતી નથી. ફરિયાદીના મૌખિક પુરાવાના મુલ્યાંકન સમયે તેમની ઉલટતપાસની હકીકત ધ્યાને લેતાં જણાય છે કે તેઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ અભણ હોવાથી તેઓને લખતા વાંચતા આવડતુ નથી અને તેમની ભોગ બનનાર દીકરી કયારે, કેવી રીતે, કોની સાથે જતી રહેલી તે તેઓએ નજરે જોયેલ નહી અને તેમની ભોગ બનનાર દીકરીએ ઘરે પરત આવ્યા બાદ બનાવ અંગે ની કોઈ હકીકત તેમને જણાવેલ નહી અને ફરિયાદ ૭ દિવસ બાદ આપવામાં આવેલી તેમજ ફરિયાદ મોડી આપવા બાબતે તેઓએ કોઈ ખુલાસો ફરિયાદમાં આપેલ નથી તેમજ પોલીસે માત્ર તેમનુ નામ ઠામ પૂછેલ અને તે ફરીયાદમાં માત્ર તેઓએ સહી કરેલી. આમ ફરિયાદીના મૌખિક પુરાવાનું સમગ્રત: લક્ષી મુલ્યાંકન કરતાં જણાય છે કે ફરિયાદી એટલેકે ભોગ બનનારના માતા ધ્વારા તેમની ફરિયાદની હકીકતને તેમજ ફરિયાદ પક્ષના કેસની હકીકતને કોઇ સમર્થન આપવામાં આવેલ નથી.

(૩૩) આ કામે ફરિયાદ પક્ષે ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ આંક –૩૦ થી તથા આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ આંક–૩૧ થી રજુ પંચનામાના પંચ સાહેદ સ્મિતલબેન પરેશભાઈ ક્રિસ્તી ને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે અને આ પંચ સાહેદ રૂબરૂ ભોગ બનનાર અને આરોપીએ કપડા રજુ કરેલ અને આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન ભોગ બનનાર અને આરોપીના કપડા ઓળખી બતાવેલ છે અને

ફરિયાદ પક્ષ આંક–૩૦ અને આંક–૩૧ થી રજુ પંચનામાઓ પુરવાર કરવામાં સફળ રહેલ છે. આ પંચનામાના પંચ સાહેદના પુરાવો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરવા માત્રથી સમગ્ર પુરાવાને સમર્થન મળતુ હોવાનું માની શકાય નહી. પંચનામુ તે સહાયક પુરાવો રહેલો હોય તે સંજોગોમાં માત્ર પંચનામાની વિગતો રજુ થયેથી કે કબુલ કર્યેથી આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર થઈ શકે નહી. વધુમાં ઉપરોક્ત હકીકત અને ચર્ચા મુજબ જ્યારે ખુદ ભોગ બનનાર દ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવાઓમાં જણાવેલ છે કે, તેઓએ પોલીસમાં કોઇ કપડા રજુ કરેલ નથી ત્યારે આ પંચનામાઓને આધારે ફરિયાદ પક્ષનો કેસ કાયદાના સ્થાપિત નિયમો મુજબ નિઃશંકપણે પુરવાર થયાનું કહી શકાય નહી. આ સંજોગોમાં ઉપરોક્ત પંચનામાઓના પુરાવાને સમર્થનકારી પુરાવાઓના અભાવે નિર્ણાયક પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. જેથી સદર પંચનામનો પુરાવો ફરિયાદ પક્ષે મદદરૂપ અને આરોપી વિરુદ્ધ નિઃશંકપણે પુરવાર થયાનુ કહી શકાય નહી.

(૩૪) કાયદાનો એ સ્થાપિત સિદ્ધાંત રહેલો છે કે, તબીબી પુરાવો એ બહુ અગત્યનો પુરાવો છે અને અન્ય દસ્તાવેજી પુરાવાઓની સાપેક્ષમાં અગ્રિમતા ધરાવતો પુરાવો છે. સાથે કાયદાકીય સ્થિતિ એવી પણ રહેલી છે કે, મૌખિક પુરાવાઓના સમર્થનમાં જ તબીબી પુરાવો ધ્યાને લઈ શકાય છે. હાથ ઉપરના કિસ્સામાં જ્યારે ખુદ ભોગ બનનાર ફરિયાદની હકીકતોને સમર્થન આપતા ન હોય અને ભોગ બનનાર દ્વારા તેમના મૌખિક પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી ત્યારે આ તબીબી પુરાવાઓના આધારે આક્ષેપિત તહોમતની હકીકત પુરવાર થતી હોવાની વિદ્વાન એ. પી. પી. શ્રીની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર રહેતી નથી.

(૩૫) આ કામે ભોગ બનનાર તથા આરોપીની શારીરિક તપાસણી કરનાર ડો. ઈશાબેન નિમેશકુમાર માલી અને ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટર વ્યાપ્તી કશ્યપભાઈ પૂજારા ને ફરીયાદ પક્ષે અનુક્રમે આંક–૧૨ અને આંક–૧૯ થી તપાસેલ છે. ડોકટર સાહેદની જુબાનીમાં જણાવ્યા અનુસાર ભોગ બનનારની તથા આરોપીની જરૂરી મેડીકલ તપાસણી કરી હીસ્ટ્રી લીધેલાનું તથા જરૂરી નમુના લીધેલાનું જરૂરી લેબોરેટરી તપાસ કરેલાનું જણાવેલ છે અને તપાસ પ્રમાણપત્ર આપેલ હોવાનું

જણાવેલ છે પરંતુ આ કામના મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય તથા તબીબી પુરાવા કેસથી વિરોધાભાસી હકિકતો જાહેર કરતા હોય ડોકટરનો પુરાવો સહાયક પુરાવો હોય તેવા પુરાવા આધારે આરોપી વિરુધ્ધનો કેસ નિ:શંકપણે માની શકાય તેમ નથી.

(૩૬) આ કામે પોલીસ સાહેદોનો પુરાવો જોતાં આ કામે ગુન્હાની તપાસ કરનાર અધિકારી પી.આઈ. શ્રી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ વસાવાને આંક-૪૫ થી તપાસેલા છે ઉપર જુબાનીમાં ચર્ચા કર્યા મુજબ ઉપરોકત પોલીસ સાહેદ તરફથી તેઓએ ફરજ દરમ્યાન આ કામે તપાસ સંભાળીને લાગતા વળગતા સાહેદના નિવેદન લીધેલાનું તથા જરૂરી પંચનામા કરેલ હોવાનું સમર્થન કરે છે. ભોગ બનનારનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન માટે તજવીજ કરેલી અને પુરતા પુરાવા મળી આવતા આરોપી સામે ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. તેઓ તરફે કરેલ કાર્યવાહીના સમર્થનરૂપ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતાં, તેઓએ તપાસ કરનાર અધિકારી તરીકે ફરજના ભાગરૂપે કરેલ કામગીરીને સમર્થન કરેલ હોવાનું જણાય છે પરંતુ આ કામે મહત્વના સાહેદ ભોગ બનનાર તથા ફરીયાદી કે જેઓ ભોગ બનનારના માતા છે તેમના દ્વારા ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપવામાં આવેલ ન હોય તપાસનીશ અધિકારીની ઉપરોક્ત જુબાની સ્વતંત્ર રીતે આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનાનો તહોમત પુરવાર કરવા પર્યાપ્ત હોવાનું સ્વીકારી શકાય તેમ નથી.

(૩૭) ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા મહત્વના સાહેદ ખુદ ભોગ બનનારના મૌખિક પુરાવામાં વિસંગતતા જણાય આવે છે અને ભોગ બનનારનો પુરાવો ફરિયાદ હકીકતને સમર્થનકારી કે વિશ્વસનીય અને માનવા લાયક જણાય આવતો નથી. ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપીએ ભોગ બનનારની સગીરાવસ્થા દરમ્યાન તેણીની સાથે જાતીય દુષ્કૃત્ય કે શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકતને પણ ભોગ બનનાર દ્વારા તેમના મૌખિક પુરાવાથી કોઈ જ સમર્થન આપવામાં આવેલ નથી. આ સંજોગોમાં સાહેદો ના મૌખિક પુરાવાઓ તમામ શંકાઓથી પર એવી એક માત્ર હકિકત કે હાલના આરોપીએ આ આક્ષેપિત ગુન્હાનું કૃત્ય આચરેલ છે તે નિઃશંક રીતે પુરવાર થતી ન હોય ત્યારે

વિદ્વાન એ. પી. પી. શ્રી ની ઉપરોકત મુજબની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર રહેતી નથી.

(૩૮) આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા કલમ –૧૩૭(૨), ૮૭ મુજબના ગુન્હા કર્યાનો આક્ષેપ છે. કલમ ૧૩૭(૨) ની જોગવાઈ અનુસાર કોઈ પણ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિના કાનુની વાલીપણામાંથી અપહરણ કરે તો તે બાબતે સજા નિર્દિષ્ટ કરવામાં આવેલી છે. કાનુની વાલીપણામાંથી અપહરણની જોગવાઈ કલમ–૧૩૭ (૧)(બી) માં કરવામાં આવેલી છે. તે મુજબ ૧૮ વર્ષથી ઓછી વયની સ્ત્રીને તેના વાલી ની સંમતિ વગર કોઈ વ્યકિત લઈ જાય અથવા ફોસલાવીને લઈ જાય તો તેવા સગીરનું કાનુની વાલીપણામાંથી અપહરણ કર્યુ કહેવાય. ભારતીય દંડ સંહિતાની કલમ–૮૭ જયારે કોઈ સ્ત્રીને લગ્ન વગેરેની ફરજ પાડવા તેનું અપહરણ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે. કાયદાની આ જોગવાઈ અંતર્ગત કોઈ પણ વ્યકિત, કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરુધ્ધ કોઈ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં તેનું અપહરણ કરે ત્યારે સજાની જોગવાઈ રહેલી છે.

(૩૯) હાલના કિસ્સામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨) અને ૮૭ માં દર્શાવવામાં આવેલા આવશ્યક તત્વો અસ્તિત્વ ધરાવતા નથી. હાથ ઉપરના કિસ્સામાં ઉપરોકત મુજબની ચર્ચા અનુસાર ફરીયાદ પક્ષના સૌથી મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર દ્વારા ફરીયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનાર ફરીયાદ પક્ષના કેસથી વિમુખ હકીકતો તેમના સોગંદ ઉપરના પુરાવા માં જણાવે છે. ઉપરોકત મુજબની ચર્ચા અને પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદ પક્ષની આક્ષેપીત હકીકત અનુસાર બનાવના દીવસે ભોગ બનનાર સગીર હોવાની હકીકત જણાઈ આવે છે પરંતુ જયારે ફરીયાદ પક્ષ ભોગ બનનારનું અપહરણ ભોગ બનનારના કાયદેસરના વાલીપણામાંથી હાલના આરોપીએ કર્યાની હકીકત જ સ્થાપિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે ત્યારે આરોપીને તેમની સામે આક્ષેપીત ગુન્હાના કામે કસુરવાર ઠેરવી શકાય નહી. ઉપરોકત મુજબના પુરાવાઓ ધ્યાને લેતા ખુદ ભોગ બનનાર તેણીની સાથે હાલના આરોપીએ શારીરિક દુષ્કર્મ કરેલ ન હોવાની હકીકત સોગંદ ઉપર જણાવતા હોય

અને આરોપીએ ભોગ બનનારનું અપહરણ કરેલ હોવાની હકીકત જ પુરવાર થતી ન હોય અને તે સંજોગોમાં આરોપીએ ભોગ બનનાર સાથે લગ્ન બાહ્ય સંભોગ કરવાની ભોગ બનનારને ફરજ પાડવાના ઈરાદાથી ભોગ બનનારનું અપહરણ કરેલ હોવાની હકીકત માનવા લાયક રહેતી નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપી સામે આક્ષેપાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨) અને ૮૭ ના આવશ્યક તત્વો પુરવાર કરવા માં નિષ્ફળ નીવડેલ હોય આરોપીને આ ગુન્હા સબબ કસુરવાર ઠેરવી શકાય નહી.

**(૪૦)** આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ) મુજબના બળાત્કારના ગુન્હાનો પણ આક્ષેપ રહેલો છે. આ ગુન્હા અંગેની આક્ષેપિત હકીકતો પુરવાર કરવા માટે સૌથી મહત્વના સાહેદ ભોગ બનનાર રહેલા છે અને ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ભોગ બનનાર દ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૩ માં વ્યાખ્યાઈત કર્યા મુજબના બળાત્કાર ના ગુન્હાની હકીકતો પુરવાર કરવા માટેના કોઈ કથનો જણાવેલા નથી. ભોગ બનનાર દ્વારા સ્પષ્ટપણે સોગંદ ઉપર જણાવવામાં આવેલ છે કે, આ કામના આરોપી ભોગ બનનારને લલચાવી, પટાવી, ફોસલાવી અપહરણ કરીને લઈ ગયેલ નથી કે તેણે ભોગ બનનાર સાથે તેમને અલગ અલગ જગ્યાએ લઈ જઈ કોઈ દુષ્કર્મ કરેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ભોગ બનનારે આરોપીએ તેમની સાથે બળાત્કારે સંભોગ કર્યા ની પણ કોઈ જ હકીકત સોગંદ ઉપર જણાવેલ નથી. આમ, ભોગ બનનાર દ્વારા ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી.

**(૪૧)** ઉપરોકત હકીકતે ખુદ ભોગ બનનાર દ્વારા ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર તેમના સોગંદ ઉપરના પુરાવામાં ભારતીય દંડ સંહિતાની કલમ–૬૩ માં વ્યાખ્યાઈત કર્યા મુજબના બળાત્કારના ગુન્હાની હકીકતો પુરવાર કરવા માટેના કોઈ કથનો જણાવેલા નથી અને આવું કોઈ કૃત્ય આરોપીએ કરેલ હોય તેવી કોઈ હકીકતો જણાવેલ નથી ત્યારે આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૪(૨)(એમ) મુજબના ગુન્હા અન્વયે પણ કસુરવાર કરાવી શકાય નહી.

(૪૨) ફરીયાદ પક્ષના ઉપરોકત વિગત મુજબના કેસ અનુસાર હાલના આરોપી સામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ–૨૦૧૨ ની કલમ– ૬ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. આ અધિનીયમની કલમ–પ માં જણાવ્યા મુજબનો પ્રવેશ ઉગ્ર જાતિય હુમલા અંગેનો ગુન્હો આરોપીએ કરેલ હોવા અંગે છે. હાલના કીસ્સામાં ઉપરોકત મુજબના ખુદ ભોગ બનનારના પુરાવાઓનું સુક્ષ્મતાપૂર્વક મૂલ્યાંકન કરતા જણાય છે કે હાલના આરોપીએ આ કામના સગીર ભોગ બનનાર સાથે કોઈ દુષ્કર્મ આચરેલ હોય તેવી કોઈ હકીકતો નિ:શંકપણે ફરીયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનાર દ્વારા પણ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ અધિનીયમની કલમ– પ માં જણાવ્યા મુજબનો ઉગ્ર જાતીય પ્રવેશનો ગુન્હો પુરવાર કરવા માટેના કોઈ આવશ્યક તત્વોની હકીકતો જણાવવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનારે ઉપરોકત હકીકતે તેમના મૌખિક પુરાવામાં હાલના આરોપીએ તેણી સાથે કોઈ દુષ્કર્મ આચરેલ ન હોવાની હકીકતો જણાવેલ છે. આ સંજોગોમાં આ અધિનીયમની કલમ–પ માં જણાવ્યા મુજબનો પ્રવેશ ઉગ્ર જાતિય હુમલા અંગેનો ગુન્હો આરોપીએ કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ ન હોય આરોપીને આ અધિનિયમની કલમ–૬ મુજબના ગુન્હા સબબ કસુરવાર ઠરાવી શકાય નહી.

(૪૩) ફરિયાદ પક્ષના ઉપરોકત વિગત મુજબના કેસ અનુસાર હાલના આરોપી સામે જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબતે અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. આ અધિનિયમની કલમ–૧૧ માં જણાવ્યા મુજબનો જાતીય સતામણી અંગેનો ગુન્હો આરોપીએ કરેલ હોવા અંગે છે. હાલના કિસ્સામાં ઉપરોક્ત મુજબ ના ખુદ ભોગ બનનાર ના પુરાવાઓનુ સુક્ષ્મતાપૂર્વક મૂલ્યાકંન કરતા જણાય છે કે હાલના આરોપીએ આ કામના સગીર ભોગ બનનારની કોઈ જાતિય સતામણી કરેલ હોય તેવી કોઈ હકીકતો નિ:શંકપણે ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનાર દ્વારા પણ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ અધિનિયમની કલમ–૧૧ માં જણાવ્યા મુજબનો જાતિય સતામણી અંગેનો ગુન્હો પુરવાર કરવા માટેના કોઈ આવશ્યક તત્વોની હકીકતો જણાવવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનારે ઉપરોકત

હકીકતે તેમના મૌખિક પુરાવામાં હાલના આરોપીએ તેણી સાથે કોઈ જાતિય સતામણી કરેલ ન હોવાની હકીકતો જણાવેલ. આ સંજોગોમાં આ અધિનિયમની કલમ–૧૧ માં જણાવ્યા મુજબનો જાતિય સતામણી અંગેનો ગુન્હો આરોપીએ કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ ન હોય આરોપીને આ અધિનિયમની કલમ–૧૧, ૧૨ મુજબના ગુના સબબ કસુરવાર ઠરાવી શકાય નહી.

**(૪૪)** ઉપરોકત મુજબના ફરિયાદ પક્ષના પુરાવાઓના મુલ્યાંકન અને વિશ્લેષણ ના આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરિયાદ પક્ષ દ્વારા હાલના આરોપી સામે આક્ષેપીત તહોમતની હકીકતો તમામ શંકાઓથી પર નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. મહત્વના સાહેદ ભોગ બનનાર ઉપરોકત મુજબના મૌખિક પુરાવાઓ સંપૂર્ણપણે વિશ્વસનીય કે માનવા લાયક રહેલા નથી અને તેમના મૌખિક પુરાવાઓથી ફરિયાદ પક્ષ ના કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી તેમજ ફરિયાદ પક્ષના અન્ય કોઈ સાહેદના વિશ્વસનીય પુરાવાઓથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. ફરિયાદ પક્ષનો કેસ જે મહત્વના સાહેદરૂપી ધરીની આસપાસ રહેલો છે તે ખુદ ભોગ બનનાર દ્વારા ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને વિશ્વસનીય સમર્થન અપાયેલ નથી.

**(૪૫)** આ સંજોગોમાં ઉપરોક્ત પુરાવાઓ ધ્યાને લેતા તેમજ ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં. ૦૨ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૦૩ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૫૮(૧) અન્વયે આ કામના આરોપી કૌશીકભાઇ જયંતીભાઇ સોલંકી ઉ.વ. ૨૬, રહે. ઉનેલી ભાથીજી મંદીર પાસે, તા.બોરસદ, જી. આણંદ નાઓને બી.એન.એસ. કલમ–૧૩૭(૨), ૮૭

૬૪(૨)(એમ) તથા પોકસો એકટ–૨૦૧૨ ની કલમ– ૬ , ૧૨ મુજબના શિક્ષા પાત્ર ગુન્હામાંથી વિશ્વાસનીય પુરાવાઓના અભાવે વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના જામીન તેમજ જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ ની જોગવાઈઓને આધીન આ કેસના આરોપીએ આ હુકમ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થાય તો હાજર રહેવા રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવા નો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામનો બીન કિમતી કપડાં મુદ્દામાલનો અપીલ સમય પુરા થતા સુધી યોગ્ય સ્થિતિમાં જાળવી રાખવો અને અપીલ સમય પુરો થયેથી મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો.

ઉપરોકત હુકમ આજ તારીખ ૧૪ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

(એસ.આઈ.ભોરણીયા)
સ્પેશ્યલ જજ (પોકસો)અને
એડીશ્નલ સેશન્સ જજ
આણંદ
UIC-00606

તા. ૧૪ /૦૮/૨૦૨૬
સ્થળ–આણંદ